CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ જાન્યુઆરી ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ એકમ | અંક : ૧૬૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### શરમમાં ન મુકાવવું પડે એટલે કોંગ્રેસે અયોધ્યા આવવાનું ટાળ્યું : સત્યેન્દ્ર દાસ

। નવી દિલ્હી, તા.૧૧ ।

કોંગ્રેસે રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમમાં સામેલ થવાના આમંત્રણનો અસ્વીકાર કર્યો છે. અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ યોજાનાર રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં સોનિયા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત કોંગ્રેસના કોઈપણ નેતા સામેલ નહીં થશે. કોંગ્રેસ દ્વારા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં સામેલ થવાના આમંત્રણને ઠુકરાવી દેવા બદલ સંત સમાજે તેમની ટીકા કરી છે. કોંગ્રેસ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમના આમંત્રણનો અસ્વીકાર કરવા પર રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે પણ પ્રતિક્રિયા આપી છે. આચાર્ય સત્યેન્દ્ર દાસે કહ્યું કે, જે પ્રભુના કાર્યક્રમમાં આવવાનું છે તેમને તેમણે પહેલા જ નકારી દીધા છે કે, ત્યાં ભગવાનનું કોઈ અસ્તિત્વ નથી અને જો આવી સ્થિતિમાં તેઓ અહીં આવશે તો લોકો સવાલ કરશે કે, જેમનું કોઈ અસ્તિત્વ જ નથી તો તમે કોને જાવા માટે ગયા હતા? એટલા માટે તેમને વધારે શરમમાં મૂકાવું પડત.

### ભારતીય સેનાના વડાએ દેશની સરહદોની સ્થિતિ અંગે માહિતી આપી

# સરહદે સઘન સુરક્ષા છતાં આતંકી ગતિવિધિ ચિંતાજનક : મનોજ પાંડે

### ૨૦૨૭ સુધીમાં સેનામાં ઓપ્ટિમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ થશે, ત્યાર પછી સેનામાં અંદાજિત એક લાખ લોકો ઓછા થઈ જશે : જનરલ મનોજ પાંડે

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડેએ આજે દેશની સરહદોની પરિસ્થિતિ અંગે મહત્ત્વની માહિતી આપી હતી. દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જનરલ મનોજ પાંડેએ કહ્યું કે, 'છેલ્લા ૫-૬ મહિનામાં રાજોરી અને પૂંછમાં સ્થિતિ અને આતંકવાદી ગતિવિધિ અમારા માટે ચિંતાનો વિષય રહી છે. ઉત્તર ભારતની સરહદો પર સ્થિતિ યથાવત્ છે, પરંતુ સંવેદનશીલ છે.

મીડિયાને સંબોધન આપતા સેના વડાએ કહ્યું કે, 'વર્ષ ૨૦૨૭ સુધીમાં સેનામાં ઓપ્ટિમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ થશે. ત્યાર પછી સેનામાં અંદાજિત એક લાખ લોકો ઓછા થઈ જશે. મેં સેનામાં એનિમલ ટ્રાન્સપોર્ટ ઓછું કરી દીધું છે, હવે તેની જગ્યા ડ્રોને લઈ લીધી છે. અગ્નિપથ હેઠળ આવેલા અગ્નિવીરોની બે બેચ ફિલ્ડમાં તહેનાત કરી દેવાઈ છે. તેમનો ફિડબેક પણ ઘણો ઉત્સાહજનક છે.

જમ્મુ કાશ્મીર મુદ્દે સેના વડાએ કહ્યું કે 'જમ્મુ કાશ્મીરના સરહદી વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા છે.

રાજૌરી, પૂંછ સહિતના વિસ્તારોમાં ખાસ કરીને આતંકવાદીઓની ગતિવિધિ વિરૂદ્ધ કાર્યવાહી કરાઈ



રહી છે. આ સંવેદનશીલ વિસ્તારોમાં સેના સ્થાનિક પોલીસ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને સારી રીતે સંવાદ સાધવાનું કામ કરી રહી છે.'

સેના વડાએ કહ્યું કે, 'એક વર્ષમાં પૂર્વોત્તરના રાજ્યોમાં હિંસા અને અન્ય મુદ્દે ઘણું ઊંડાણપૂર્વક કામ કરાઈ રહ્યું છે, જેના સારા પરિણામ મળ્યા છે. અહીંના સંવેદનશીલ વિસ્તારો પર અમારી ઝીણવટપૂર્વકની નજર છે.'

ચીન સરહદ અંગે તેમણે કહ્યું કે, 'ચીન સાથેની લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર સ્થિતિ યથાવત્ છે. આમ છતાં અમે માની રહ્યા છીએ કે આ મુદ્દો સંવેદનશીલ છે અને સેના તેના પર ચાંપતી નજર રાખી રહી છે.' મ્યાંમારની સ્થિતિ અંગે તેમણે કહ્યું કે, 'મ્યાંમારની સ્થિતિ અમારા માટે ચિંતાનો વિષય છે. અમે ત્યાં થતી ગતિવિધિ પર પણ ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યા છીએ. મ્યાંમાર સેનાના ૪૧૬ જવાન સરહદ પાર કરી ચૂક્યા છે.

આ દરમિયાન તેમણે અન્ય કાર્યક્રમો અંગે કહ્યું કે આ વર્ષે ૧૫ જાન્યુઆરીએ લખનઉમાં પહેલીવાર ૭૬માં સેના દિવસ પરેડનું આયોજન કરાશે, પરંતુ આ પહેલા કેટલાક કાર્યક્રમ યોજાશે. આ તમામ કાર્યક્રમમાં સામાન્ય પ્રજા પણ આવી શકશે. ૧૪ જાન્યુઆરીએ સૈન્ય બેન્ડ સંગીત કાર્યક્રમ યોજાશે. આ દરમિયાન સેના દિવસ પરેડનું રિહર્સલ અને શૌર્ય સંધ્યા કાર્યક્રમ થશે.'

આ સિવાય પૂર્વ સેના પ્રમુખ જનરલ નરવણેએ અગ્નિપથને લઈને પોતાના પુસ્તકમાં કેટલાક મુદ્દા છેડ્યા છે. આ અંગે સેના વડાએ કહ્યું કે 'યુનિટ પરથી પોઝિટિવ ફીડબેક છે. તેમણે જે કહ્યું તેના પર મારું કંઈ કહેવું યોગ્ય નથી, પરંતુ અગ્નિપથનું ફાઈનલ સ્ટ્રક્ચર સમગ્ર ચર્ચા બાદ સામે આવ્યું. તેમાં તમામ બાબતો ધ્યાનમાં રખાઈ છે.'

### દરોડામાં ટેક્સ વિભાગે રૂ. ૧૦૦૦ કરોડની રોકડ વેચાણ શોધી કાઢી છે

# ૨૫ બેંકના લોકર ફ્રીઝ, મુંબઈથી દિલ્હી સુધી દરોડા



। નવી દિલ્હી, તા.૧૧ ।

વિભાગે એક વાયર અને કેબલ કંપની પર આવકવેરા વિભાગના દરોડા અંગે નિવેદન બહાર પાડ્યું છે. વિભાગે એક અખબારી યાદી બહાર પાડીને જણાવ્યું હતું કે મુંબઈ, પુણે, ઔરંગાબાદ, નાસિક, દમણ, હાલોલ અને દિલ્હીમાં ફ્લેગશિપ ગ્રુપના કુલ ૫૦ સ્થાનો પર ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં ટેક્સ વિભાગે રૂ. ૧૦૦૦ કરોડની રોકડ વેચાણ શોધી કાઢી છે, જેનો કોઈ હિસાબ ખાતાઓમાં નોંધવામાં આવ્યો નથી. ટેક્સ વિભાગે કહ્યું કે તેને પુરાવા મળ્યા છે કે એક વિતરકએ ફ્લેગશિપ કંપની વતી કાચા માલની ખરીદી માટે ૪૦૦ કરોડ રૂપિયા રોકડમાં ચૂકવ્યા છે, જે વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. આવકવેરા વિભાગે કહ્યું કે દરોડા દરમિયાન તેને દસ્તાવેજો અને ડિજિટલ ડેટાના રૂપમાં મોટી સંખ્યામાં ગુનાહિત પુરાવા મળ્યા છે જે જપ્ત કરવામાં આવ્યા છે. આ પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે જૂથ દ્વારા કેટલાક અધિકૃત વિતરકો સાથે મળીને કરચોરી કરવામાં આવી રહી હતી. પ્રારંભિક વિશ્લેષણ દર્શાવે છે કે જૂથ કંપની કરપાત્ર આવક છુપાવવા માટે બિનહિસાબી રોકડ વેચાણ, રોકડ ચૂકવણી દ્વારા કરવામાં આવેલી બિનહિસાબી ખરીદી, બિન-અસલી પરિવહન અને પેટા કરાર પર ખર્ચ ઉઠાવી રહી હતી.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women's Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૧૫-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ

ડો. હિતેશ પટેલ
(ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

# ગીર સોમનાથના વેરાવળમાં સ્કુટર ચાલક દરિયામાં ખાબક્યો

। (એજન્સી) વેરાવળ, તા.૧૧ ।

ગીર સોમનાથના વેરાવળમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગીર સોમનાથના વેરાવળમાં સ્કુટર ચાલક દરિયામાં ખાબક્યો હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ આસ પાસના લોકો દોડી આવ્યા હતા અને યુવકને બચાવી લેવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ સ્કુટર ઉપરથી બેલેન્સ ગુમાવતા યુવક દરિયામાં ખાબક્યો હોવાનું સામે આવ્યું છે. દરિયાની ખાડીમાં ખાબકતો વીડિયો અત્યારે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. ખાડીમાં પાર્ક કરેલી બોટ વચ્ચેની જગ્યામાં યુવાન સ્કુટર સાથે પડી ગયો હતો. જો કે ઘટનાની જાણ બોટમાં સવાર લોકોને થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા અને દોરીની મદદથી યુવકને બહાર કાઢવામાં આવ્યો હતો.



સપ્તકમાં પંડિત રોહિત શર્માના સંગીતની લોકોએ મોજ માણી હતી.

# નશાની લતે ચઢી ગયેલ મિત્રના દીકરાને સુધારવા જતા આધેડને મોત મળ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ શહેરના મણીનગર વિસ્તારમાં નશાની લત્તે ચઢી ગયેલા મિત્રના દીકરાને સુધારવાની કોશિશ કરનાર આધેડની ગત મોડી રાત્રે કરપીણ હત્યા થઈ જતા ચકચાર મચી જવા પામી છે. મૃતકના મિત્રનો દીકરો છેલ્લા ઘણા સમયથી નશો કરતો હતો, જેના કારણે મૃતકે તેના મિત્રને હકીકત કહી દીધી હતી. જો કે હકીકત કહી દેતા મિત્રએ તેના દીકરાને માર મારીને ઠપકો આપ્યો હતો. મિત્રનો દીકરો મૃતક પાસે આવ્યો હતો અને પિતાને કેમ કહ્યુ તેમ કહીને બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. ગઈકાલે મોડીરાતે આધેડ મળી જતા તેની સાથે બોલાચાલી ઝઘડો કરી છરીના ઘા ઝીંકી દીધા હતા. ઈસનપુર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષિય ઉર્મીલાબેન દરબારે મણીનગર પોલીસ સ્ટેશનમાં હત્યાની ફરિયાદ કરી છે. ઉર્મીલાબેનના પતિ ૩૫ વર્ષ પહેલા મૃત્યુ પામ્યા છે.

# રાજકોટ એપીએમસીમાં રાયડાની આવક શરૂ થઈ

## રાજકોટ માર્કેટ યાર્ડમાં ૧૫ ગુણી રાયડાના પાકની આવક થઈ છે, ખેડૂતોને એક મણ રાયડાનો ૧૦૭૫ રૂપિયા ભાવ મળ્યો હતો

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

શહેરના માર્કેટિંગ યાર્ડમાં દરરોજ નવા પાકની આવક થઈ રહી છે ? નવા જીરૂ, નવા ધાણા અને નવા ચણા સહિતના પાકની આવક થઈ રહી છે. ત્યારે આજે ૧૦ મી જાન્યુઆરીના રોજ નવા રાયડાના પાકની આવક થઈ છે. સત્તાધીશોએ માર્કેટિંગ યાર્ડમાં આવેલા નવા રાયડાના વધામણા કર્યા હતા. યાર્ડમાં નવા રાયડાની સાથે સાથે અન્ય જણસીની પણ ભરપૂર માત્રામાં આવક થઈ છે.

રાજકોટ માર્કેટ યાર્ડમાં ૧૫ ગુણી રાયડાના પાકની આવક થઈ છે. ખેડૂતોને એક મણ રાયડાનો ૧૦૭૫ રૂપિયા ભાવ મળ્યો હતો. મજોઠ ગામના પોપટભાઈ મુળજીભાઈ રાયડાનો પાક લઈને આવ્યા હતાં. નવા રાયડાના પાકની ખરીદી ઓમ અગ્રી ઈમ્પેક્ષ દ્વારા કરવામાં આવી હતી. જે ડુંગળીનો ખેડૂતોને ૭૦૦થી ૮૦૦ રૂપિયા મળી રહ્યો હતો. એ જ ડુંગળીનો ૧૫૦ થઈ ૩૪૧ રૂપિયા સુધીનો ભાવ મળતા ખેડૂતો નિરાશ થયા



હતા. જોકે યાર્ડમાં આજે ડુંગળીની મબલક આવક થઈ છે. યાર્ડમાં આજે ૪ હજાર ૩૦૦ ક્વિન્ટલ ડુંગળીની આવક થઈ છે.

મગફળીની આવક આજે નહિવત જ થઈ છે. યાર્ડમાં આજે જીણી મગફળીની આવક ૧૬૪૦ ક્વિન્ટલ થઈ છે જ્યારે જીણી મગફળીનો ભાવ ૧૧૦૦થી ૧૩૧૦ રૂપિયા બોલાયો હતો. જ્યારે જાડી મગફળીની આવક ૯૬૦ ક્વિન્ટલ થઈ છે. મગફળીનો ભાવ આજે ૧૧૨૦થી ૧૪૩૫ રૂપિયા બોલાયો હતો. રાજકોટ માર્કેટ યાર્ડમાં કપાસની ભરપૂર આવક થઈ રહી છે.યાર્ડમાં આજે ૪૪૫૦ ક્વિન્ટલ કપાની આવક થઈ છે. કપાસના ભાવની વાત કરવામાં આવે તો કપાસના ભાવ ૧૧૭૫થી ૧૫૦૮ રૂપિયા એક મણના બોલાયા હતા. કપાસના ભાવ પણ ખેડૂતોને પુરતા પ્રમાણમાં મળી રહ્યાં હોવાથી ખેડૂતોમાં ખુશી છે. ટુકડા ઘઉંની આવક પણ રાજકોટ માર્કેટ યાર્ડમાં અત્યારે થઈ છે.ટુકડા ઘઉંની આવક આજે ૧૩૫૦ ક્વિન્ટલ થઈ છે. ટુકડા ઘઉંનો ભાવ ૫૩૧થી ૬૨૨ રૂપિયા મણનો બોલાયો હતો.જ્યારે લોકવન ઘઉંની આવક ૯૦ ક્વિન્ટલ થઈ છે. લોકવન ઘઉંનો ભાવ ૫૦૧થી ૫૬૭ રૂપિયા મણનો બોલાયો હતો. લસણની વાત કરવામાં આવે તો લસણની આવક ૨૦૦૦ ક્વિન્ટલ આવક થઈ છે.લસણના ભાવની વાત કરીએ તો લસણના ભાવ ૨૦૦૦થી ૩૦૦૦ રૂપિયા મણના બોલાયા હતાં. રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે સોયાબીનની ૪૦૦ ક્વિન્ટલ આવક થઈ છે. યાર્ડમાં આજે સોયાબીનનો ભાવ ૮૮૦થી ૯૧૦ રૂપિયા એક મણનો બોલાયો હતો.

### અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા

# અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અન્વયે કાયદાકીય માર્ગદર્શક સેમિનાર યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અન્વયે કાયદાકીય માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો.

વટવા વિસ્તારની મહિલાઓ ઉપરોક્ત સેમિનારમાં સહભાગી થયેલ હતી. સેમિનારમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી દ્વારા ભરણ પોષણ, રક્ષણનો અધિકાર જેવા મુદ્દાઓ પર હાજર મહિલાઓ સાથે ચર્ચા કરી હતી. એડવોકેટ દીપ્તિબહેન પટેલ દ્વારા ઘરેલુ હિંસા, દહેજ અધિનિયમ જેવા કાયદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત રક્ષણ અધિકારીની ફરજો, ભૂમિકા હિંસાના પ્રકારો જેવા વિષયો પર ચર્ચા કરી હાજર મહિલાઓને માહિતગાર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવારમેન્ટ ઑફ વુમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ જીતેશ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત વિવિધ મહિલાલક્ષી યોજનાઓ જેવી કે વહાલી દિકરી યોજના, બેટી બચાવો બેટી પઢાવો, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાની માહિતી આપવામાં આવી હતી.

ઉપરોક્ત સેમિનારમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી શ્રી વૃત્તિકાબહેન વેગડા, શ્રી શિવાની શર્મા, શ્રી શબીના શેખ, જિલ્લા ઉધોગ કેન્દ્રના શ્રી તુલસીબહેન તેમજ સ્પેશિયલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટ્રેસી શ્રી હેમલ બારોટ હાજર રહ્યા હતા.

### દારૂબંધીને લઈ ઠાકોર સમાજની નવી પહેલ

# બનાસકાંઠાના પઠામડા ગામે દારૂ સાથે ઝડપાનારાઓએ અનાજનું દાન કરવું પડશે

। પઠામડા, તા.૧૧ ।

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂનું વેચાણ ધુમધામથી વેચાણ થઈ રહ્યું છે. આ દુષણને અટકાવવા અનેક સંસ્થાઓ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠાના થરાદના પઠામડા ગામે દારૂબંધીને લઈ ઠાકોર સમાજે નવી પહેલ કરી છે. આ પહેલ અત્યારે સમાજમાં ખુબ જ ચર્ચાનો વિષય બની છે. થરાદ ગામ દ્વારા જે નિર્ણય કરવામાં આવ્યો છે તે ખુબ જ સરાહનીય છે. બનાસકાંઠાના થરાદ ગામમાં દારૂનું વેચાણ કરનાર, પીનારા અને દેખનારા જો દારૂબંધી નહીં કરાવે તો દંડ વસુલ કરવામાં આવશે.ગામમાં યુવાનો દારૂના રવાડે ચડતાં ઠાકોર સમાજના આગેવાનો અને યુવાનોએ આ સામૂહિક નિર્ણય લીધો છે. આ ગામ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયની સૌ કોઈ ચર્ચા કરી રહ્યું છે. પઠામડા ગામે દારૂ વેચનારને પાંચ બોરી બાજરીનો ધર્માદો અને દારૂ પી અને તોફાન કરનારાઓને બે બોરી અને જે જાણે છતા અજાણ બને તે તેને એક બોરી બાજરાનો ધર્માદાની જાહેરાત કરી છે.

આજના યુવાનો દારૂના રવાડે ન ચડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. દારૂબંધીને લઈ ગ્રામજનોએ સામૂહિક નિયમો બનાવ્યા છે. તમને જણાવી દયે કે પઠામડા ગામે નકળંગ ભગવાનના મંદિરમાં ઠાકોર સમાજના આગેવાનો ભેગા થયા હતા અને દારૂનું વેચાણ અટકે અને યુવાનો દારૂના રવાડે ન ચડે તે માટે એકઠા થઈને આ નિર્ણય લીધો હતો. આમ થરાદ ગામનો આ નિર્ણય ખરેખર સરાહનીય છે. જે ને લોકો આવકારી રહ્યા છે. કારણ કે ઠાકોર સમાજના આ નિર્ણયથી ગામના યુવાનો દારૂના રવાડે નહી ચડે અને દારૂનુ વેચાણ પણ અટકશે.

# ATMના ઉપયોગની મદદના બહાને શિકાર બનાવતો ભેજાબાજ ઝડપાયો

## ATM કાર્ડની અદલા બદલી કરીને છેતરપીંડી કરતા ઓરિસ્સાના યુવકની પોલીસે ધરપકડ કરી છે

। અમદાવાદ, તા.૧૧ ।

ATM કાર્ડની અદલાબદલી કરીને છેતરપીંડી કરતા ઓરિસ્સાના યુવકની પોલીસે ધરપકડ કરી છે. મોજશોખ અને બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદવા આરોપી ATMમાં પૈસા ઉપાડવા જતા લોકોને ટાર્ગેટ કરતો હતો. રાજ્યભરમાં ATM સેન્ટરમાં મદદના બહાને છેતરપીંડી કરતો આરોપી હવે પોલીસની પકડમાં આવી ચુક્યો છે અને તેણે અનેક શહેરોમાં છેતરપિંડી આચરી હોવાની કબૂલાત કરી છે.

પોલીસ કસ્ટડીમાં જોવા મળતો આરોપી સંભવ આચાર્ય છે. જે બ્રાન્ડેડ કપડાં અને વસ્તુઓનો શોખ પૂરો કરવા ATM કાર્ડની અદલા બદલી કરીને પિન નંબર મેળવી છેતરપિંડી આચરતો હતો. આરોપી સંભવ આચાર્ય છેલ્લા ૧૪ વર્ષ થી રાજ્યભરમાં અલગ અલગ શહેરો માં ATM સેન્ટર પર જઈ ને છેતરપિંડી કરતો. આરોપી ની મોડ્સ ઓપરેન્ડી વાત કર્યે તો આરોપી સંભવ મૂળ ઓરીસ્સા નો રહેવાસી છે. વર્ષ ૨૦૧૦થી ઓરીસ્સા માં એક ATM સેન્ટર પર જઈ મદદ





કરવાના બહાને ગ્રાહક ના ATM કાર્ડ અદલા બદલી કરી પિન નંબર મેળવી લઈને પૈસા ઉપાડી લીધા હતા. જે બાદ આરોપી સંભવ પોતાના મોજશોખ પુરા કરવા માટે અન્ય રાજ્યોમાં જઈને ATM મશીનમાં લોકોને મદદ કરવાના બહાને ATM કાર્ડ અદલા બદલી કરીને પિન નંબર મેળવીને પૈસા ઉપાડી લેતો. કેટલીક વાર ATM કાર્ડ થી બ્રાન્ડેડ કપડાં અને વસ્તુઓ ખરીદતો હતો. આવી જ રીતે અમદાવાદના જુદા જુદા વિસ્તારો માં ATM સેન્ટર જઈ ATM કાર્ડ મેળવી છેતરપિંડી આચરી છે. પકડાયેલ આરોપી સંભવ ની તપાસમાં સામે આવ્યું કે તેની માતા બીમાર રહેતી હતી અને પોતે પણ ડાયાબિટીસ દર્દી હતો. જેથી પૈસાની જરૂરિયાત અને પોતાના મોજશોખ પુરા કરવા ATM સેન્ટર માં આવતા લોકોને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું, સૌ પ્રથમ તેને ઓરિસ્સા માં એક વ્યક્તિને મદદ કરવાના બહાને ATM કાર્ડ ની અદલા બદલી કરીને પૈસા ઉપાડી દીધા હતા. આ ગુનો તેની માટે એટલો સરળ બન્યો કે પછી તેને ઓરિસ્સા માં ૧૮ ગુના આચર્યા બાદ મહારાષ્ટ્ર માં ૬ અને ગુજરાતમાં ૧૨ જેટલા ગુના આચર્યા હતા. અમદાવાદ માં ATM સેન્ટર પર છેતરપિંડી કર્યા બાદ આરોપી સંભવ સીધો રાજસ્થાન જવાનો હતો. જ્યાં પણ ATM સેન્ટર પર મદદ કરવા બહાને લોકો ના ATM કાર્ડ પિન નંબર મેળવી છેતરપિંડી કરવાનો હતો. પરંતુ તે પહેલા જ કારંજ પોલીસ એ આરોપી સંભવ આચર્યા ની ધરપકડ કરી. તેની પાસેથી ૨૧ ATM કાર્ડ, રોકડ ૨૫ હજાર, મોબાઈલ અને સોના ની વિટી મળી કુલ ૧.૦૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપી સંભવ મોટા ભાગે SBI બેંક ના ATM સેન્ટર ટાર્ગેટ કરતો હતો જેમાં પોલીસે સીસીટીવી આધારે તપાસ કરતા આરોપી વૃદ્ધ અને આધેડ લોકોને મદદ કરવાના બહાને છેતરપિંડી કરતો હતો. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. હાલ કારંજ પોલીસે આરોપીના ૩ દિવસના રિમાન્ડ મેળવી ને વધુ તપાસ શરૂ કરી છે.

**વિશેષ** — આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા સાંસદ રાજેશભાઈ ચુડાસમ દ્વારા અનુરોધ

# ગાયના પાલન પોષણથી સુપાચ્ય દૂધ તો મળે છે સાથે સકારાત્મક ઉર્જા પણ પ્રાપ્ત થાય છે : જિલ્લા પાંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર

## જૂનાગઢના વધાવી ગામે તાલુકાકક્ષાની પશુપાલન શિબિર યોજાઈ : મોટી સંખ્યામાં પશુપાલકો-ખેડૂતોએ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન માટે માર્ગદર્શન મેળવ્યું

। (માહિતી બ્યુરો) જૂનગાઢ ।

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં જૂનાગઢના વધાવી ગામે તાલુકાકક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન યોજાયુ હતું. જેમાં મોટી સંખ્યમાં પશુપાલકો-ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા માટેના મુખ્ય ચાર આધાર સ્તંભ એવા પશુ પસંદગી, પશુ સંવર્ધન, પશુ આરોગ્ય, પશુ પોષણ અને માવજત સહિતના મુદ્દે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પંસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર જણાવ્યું કે, આપણી આવનારી પેઢી અને બાળકોને મજબૂત બને અને તેમના સર્વાંગી વિકાસ માટે સાત્વિક ખોરાક આપવો જરૂરી છે. તેઓ ફાસ્ટ ફૂડ-ઝંક ફૂડ અને વ્યસનથી દૂર રહે તે માટે કાળજી લઈએ તેમ જણાવતા કહ્યુ કે, ભગવાન કૃષ્ણ પણ ગાય સાથે જોડાયેલા રહ્યા છે. આપણા શાસ્ત્રોમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગાયના પાલન પોષણથી દૂધ તો મળે છે સાથે સકારાત્મક ઉર્જા પણ પ્રાપ્ત થાય છે. ઉપરાંત ગાયનું દૂધ સુપાચ્ય હોવાથી સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ અનેક ફાયદા છે. જેથી ગાયને માતા કહેવામાં આવે છે. આ સાથે તેમણે



કહ્યું કે, કેન્સર ડાયાબિટીસ જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે. ત્યારે સ્વસ્થ જીવનશૈલી અપનાવવી જરૂરી છે. આપણા પૂર્વજો પ્રાકૃતિક ખેતી અને ગાય સાથે જોડાયેલા રહ્યા છે, જેથી ફરી પ્રાકૃતિક ખેતી અને ગાય સાથે જોડાઈએ. તેમણે મિલેટ્સ એટલે કે તૃણધાન્યને આપણા આહારમાં ફરી સામેલ કરવાની હિમાયત કરતા કહ્યુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિશ્વ ગુરુ બનવા તરફ આગળ વધી રહ્યો છે. ત્યારે આપણા રાષ્ટ્રને વિકસિત બનાવવા માટે પોતાનું યોગદાન આપીએ. તેમ અંતમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું કે, ખેડૂતોની આવક બમણી થાય તે માટે સરકાર દ્વારા આ પ્રકારની પશુપાલન શિબિર સહિત અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. ખેડૂત પશુપાલક સક્ષમ બને તે માટે સહકાર ક્ષેત્રે સહકારીતા મંત્રાલય અને મત્સ્ય વિભાગને અલગ કરી ખેડૂત કલ્યાણ વિભાગ બનાવ્યો છે. એક સમયે બહુ ફળદ્રુપ રહેલી આપણી જમીન રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગના પરિણામે જમીનની ફળદ્રુપતા ઘટી છે. ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને આપણા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીની મુહિમ શરૂ કરીને આપણી પરંપરાગત ખેતી એટલે કે ગાય આધારિત ખેતી અપનાવવા માટે અભિયાન હાથ ધર્યું છે. તેમણે આપણી આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પણ અનુરોધ કર્યો હતો. ઉપરાંત ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા દરેક ક્ષેત્રના લોકો યથાયોગ્ય યોગદાન આપે તે માટે પણ આહવાન કર્યું હતું. પશુપાલન સમિતના ચેરમેન શ્રી ઠાકરશીભાઈ જાવીયાએ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન અપનાવવા માટે અને પશુપાલનના વ્યવસાયમાં આગળ વધવા માટે અનુરોધ કરતા કહ્યુ કે, આ પ્રકારની પશુપાલન શિબિરના માધ્યમથી પશુપાલકોને સાચી જાણકારી મળે છે. આમ, દરેક તાલુકમાં પશુપાલન શિબિર યોજવામાં આવી રહી છે. તેમણે આ શિબિરના સફળ આયોજન માટે પશુપાલન વિભાગના અધિકારીઓને અભિનંદન આપ્યા હતા. આ શિબિરમાં નાયબ પશુપાલન નિયામક ડો. વિરલ આહિરે શાબ્દિક સ્વાગત કરવાની સાથે કેન્દ્ર-રાજ્ય સરાકરીની પશુપાલન માટેની યોજનાઓની જાણકારી આપી હતી. ઉપરાંત મદદનીશ પશુપાલન નિયામક ડો. ગજેરા, મદદનીશ પશુપાલન નિયામક ડો. દિલીપ પાનેરા અને ડો. આર.બી. સાવલીયાએ પશુપાલન માટેના વિવિધ મુદ્દાઓને સાંકળીને માર્ગદર્શન આપ્યું હતું.

વધાવીના રૂપાપારા સમાજના વાડી ખાતે આયોજિત આ શિબિરમાં જિલ્લા પંચાયતના સદસ્ય સર્વશ્રી કાંતિભાઈ ગજેરા, શ્રી પ્રવીણભાઈ પટોડીયા, તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન શ્રી ભરતભાઈ દોમડીયા, તાલુકા પંચાયતના સદસ્ય ઢોલરીયાબેન, ગ્રામ અગ્રણી સર્વ શ્રી અશ્વિનભાઈ ચૌધરી, રામભાઈ ઝાલા સહિત મોટી સંખ્યામાં પશુપાલકો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

### એનએસએ વિરુદ્ધ બે લોકોની અરજી ફગાવી દીધી

# રામચરિત માનસની નકલો સળગાવનારાની અટકાયત યોગ્ય ઠેરવવામાં આવી

### આ અરજીઓ આરોપી દેવેન્દ્ર યાદવે તેના પિતા અને સુરેશ યાદવે તેની પત્ની દ્વારા દાખલ કરી હતી

।(એજન્સી) અલ્લાહબાદ, તા.૧૧। અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે નેશનલ સિક્યોરિટી એક્ટ (એનએસએ) વિરુદ્ધ બે લોકોની અરજી ફગાવી દીધી છે. બંનેએ એનએસએ હેઠળ તેમની અટકાયત વિરુદ્ધ આ અરજી દાખલ કરી હતી. બંને પર હિંદુ મહાકાવ્ય રામચરિતમાનસની નકલો અપવિત્ર કરવાનો અને સળગાવવાનો આરોપ છે.

જસ્ટિસ નરેન્દ્ર કુમાર જોહરી અને જસ્ટિસ સંગીતા જોહરીની બેન્ચે બે અલગ-અલગ અરજીઓમાં આ આદેશ આપ્યો હતો. વાસ્તવમાં દેવેન્દ્ર યાદવ અને સુરેશ યાદવ નામના બંને આરોપીઓએ અલગ-અલગ વ્યક્તિઓ મારફતે અરજી કરી હતી. આ અરજીઓ આરોપી દેવેન્દ્ર યાદવે તેના પિતા અને સુરેશ યાદવે તેની પત્ની દ્વારા દાખલ કરી હતી. અલાહાબાદ હાઈકોર્ટની બેન્ચે પોતાના આદેશમાં કહ્યું કે જે રીતે અરજદારોએ તેમના સહયોગીઓ સાથે જાહેર સ્થળે બહુમતી સમુદાય દ્વારા પૂજા કરવામાં આવતા ધાર્મિક ગ્રંથનું અપમાન કર્યું તે રીતે સમાજમાં આક્રોશ અને ગુસ્સો થવો સ્વાભાવિક છે. બેન્ચે વધુમાં કહ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં સમાજનો લગભગ દરેક વ્યક્તિ મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા સાથે જોડાયેલ છે. આ આધારે, બેન્ચે જણાવ્યું હતું કે અટકાયત જોખમી જોખમને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. હાઈકોર્ટે કહ્યું કે તેમની અટકાયતને અરજદારોની વ્યક્તિગત સ્વતંત્રતા પર ખોટા અને ગેરકાયદેસર પ્રતિબંધ તરીકે ગણી શકાય નહીં.

તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૨૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મૌર્યના સમર્થનમાં રામચરિતમાનસના ફોટોકોપી કરેલા પાના સળગાવી દેવામાં આવ્યા હતા. મૌર્યએ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ દાવો કર્યો હતો કે આ પુસ્તકના કેટલાક ક્વોટ્રેઈનમાં કથિત રીતે મહિલાઓ અને દલિતો પર વાંધાજનક ટિપ્પણીઓ છે, જે સામાજિક ભેદભાવને પ્રોત્સાહન આપે છે.

લખનૌ પોલીસે આ આરોપ માં ૧૦ નામાંકિત અને ઘણા અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો હતો. આ એફઆઈઆર બીજેપી નેતા સતનામ સિંહ લવીની ફરિયાદ પર નોંધવામાં આવી છે. આ અંતર્ગત પોલીસે આરોપી દેવેન્દ્ર યાદવ, યશપાલ સિંહ લોધી, સત્યેન્દ્ર કુશવાહ, મોહમ્મદ સલીમ અને સુરેશ યાદવ વિરુદ્ધ એનએસએ દાખલ કરીને ધરપકડ કરી હતી. આરોપીઓને પોલીસે ૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ કસ્ટડીમાં લીધા હતા.

# ઇસરોએ 'ઉત્કૃષ્ટ સિદ્ધિ' કેટેગરીમાં વર્ષ ૨૦૨૩ માટે "ઇન્ડિયન ઓફ ધ યર એવોર્ડ" એનાયત કર્યો





કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી; પ્રધાનમંત્રી કાર્યાલય , કાર્મિક, જાહેર ફરિયાદો, પેન્શન, પરમાણુ ઊર્જા અને અંતરિક્ષ રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ટીમ ઈસરો (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન)ને 'ઉત્કૃષ્ટ સિદ્ધિ' કેટેગરીમાં વર્ષ ૨૦૨૩ માટે "ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ" એનાયત કર્યો હતો. એક રાષ્ટ્રીય ટીવી ચેનલ દ્વારા સ્થાપિત આ એવોર્ડ ઈસરોના ચેરમેન એસ.સોમનાથ અને ચંદ્રયાન-૩ના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો.પી.વીરામુથુવેલે નવી દિલ્હીમાં એક ભવ્ય સમારંભમાં આવકાર્યો હતો. અવકાશ સંશોધનની સીમાઓને આગળ ધપાવવામાં જીઈ દ્વારા આપવામાં આવેલા નોંધપાત્ર યોગદાનને આ પુરસ્કાર દ્વારા માન્યતા આપવામાં આવી હતી, એવોર્ડનું અવતરણ વાંચો. "વર્ષ ૨૦૨૩ નિઃશંકપણે ઈતિહાસના પુસ્તકોમાં એક એવા સમયગાળા તરીકે અંકિત થશે જ્યારે ભારતની અવકાશ એજન્સીએ પડકારોનો સામનો કરવા માટે અપ્રતિમ પરાક્રમ અને સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી. ૨૦૨૩માં ઈસરોની સિદ્ધિઓનું શિખર ચંદ્રના વણખેડાયેલા દક્ષિણ ધ્રુવીય ક્ષેત્ર પર ચંદ્રયાન-૩ નું સફળ સોફ્ટ લેન્ડિંગ હતું. ડૉ.જિતેન્દ્ર સિંહે પોતાના સંક્ષિપ્ત વક્તવ્યમાં કહ્યું કે ચંદ્રયાન-૩ માત્ર સ્વદેશી જ નહીં, પરંતુ ખૂબ જ સસ્તું મિશન પણ છે, જેનું બજેટ લગભગ ૬૦૦ કરોડ રૂપિયા છે. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં પ્રતિભાનો ક્યારેય અભાવ નહોતો, છતાં વાતાવરણને સક્ષમ કરવાની ખૂટતી કડી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ઊભી થઈ હતી. ડો.જિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, "સ્પેસ ટેકનોલોજીના "અનલોક" સાથે, દેશની સામાન્ય જનતા ચંદ્રયાન -૩ અથવા આદિત્ય જેવા મેગા સ્પેસ ઈવેન્ટ્સના પ્રક્ષેપણને જોવા માટે સક્ષમ છે. ૧૦,૦૦૦થી વધુ પ્રેક્ષકો, ૧,૦૦૦થી વધુ મીડિયાકર્મીઓ અને મોટી સંખ્યામાં સામાન્ય લોકો આદિત્ય પ્રક્ષેપણને જોવા માટે આવ્યા હતા અને ચંદ્રયાન-૩ ના ચંદ્ર પર ઉતરાણ દરમિયાન એટલી જ સંખ્યામાં ત્યાં હતા, "તેમણે જણાવ્યું હતું. એવોર્ડ્સ માટેની પ્રતિષ્ઠિત જ્યુરી પેનલમાં ભારતના ભૂતપૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વે, પટકથા લેખક અને ગીતકાર જાવેદ અખ્તર, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા, ભૂતપૂર્વ ભારતીય એથ્લીટ અને એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ અંજુ બોબી જ્યોર્જ, આરપી સંજીવ ગોએન્કા ગ્રૂપના ચેરપર્સન અંજુ બોબી જ્યોર્જ અને પર્યાવરણ કાર્યકર અને વકીલ અફરોઝ શાહનો સમાવેશ થાય છે.

# ઈનફિનિક્સે પોતાની ત્રણ નવી ટેક્નોલોજીનું પ્રદર્શન કર્યું

### સ્માર્ટફોન કલર ચેન્જીંગ ટેક્નોલોજી ઈ-શિફ્ટ, એર ચાર્જ અને ઈનફિક્સ એક્સ્ટ્રીમ-ટેમ્પ રજૂ કરવામાં આવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ । હાલમાં લાસ વેગાસમાં કન્ઝ્યુમર્સ ઈલેક્ટ્રોનિક્સ શો ચાલી રહ્યો છે. આ જે આ શો નો ત્રીજો દિવસ છે. કંપનીઓ આ શો માં પોતાના અલગ પ્રોડક્ટ્સને લોન્ચ કરી રહી છે. તેમાં ઈનફિનિક્સે પોતાની ત્રણ નવી ટેક્નોલોજીઓનું પ્રદર્શન કર્યું છે. કંપનીએ સ્માર્ટફોન કલર ચેન્જીંગ ટેક્નોલોજી ઈ-શિફ્ટ, એર ચાર્જ અને ઈનફિક્સ એક્સ્ટ્રીમ-ટેમ્પ રજૂ કર્યું છે. ઈનફિનિક્સે શો માં ઈ-ઈંક પ્રિસમ ટેક્નોલોજી રજૂ કરી છે. આ ટેક્નોલોજીની સાથે કંપનીએ દાવો કર્યો છે કે, ફોનના બેક પેનલનો કલર બદલી શકાય છે. તેના માટે જિવાઈસ પાવર પણ કન્ઝ્યુમ નથી કરતું. યૂઝર્સ આ ટેક્નોલોજી સાથે પોતાના ડિવાઈસને પર્સનલાઈઝ કરી શકશે. ફોનના બેક પેનલ પર ટેક્નોલોજીની સાથે ટાઈમ ડિસ્પ્લે કરી શકાશે. આ ઉપરાંત અનેક બીજા ફીચર્સનો ઉપયોગ કરી શકાશે.

કંપનીએ આ શો માં એક્સ્ટ્રીમ-ટેમ્પ બેટરી કોન્સેપ્ટ પણ રજૂ કર્યો છે. એક્સ્ટ્રીમ-ટેમ્પ બેટરી સાથે ખૂબ વધારે હોટ એન્ડ કોલ્ડ કંડીશનમાં ડિવાઈસને લઈને ફ્રિઝિંગની મુશ્કેલી નહીં આવશે.

આ ટેક્નોલોજીની સાથે ડિવાઈસની બેટરી ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના ટેમ્પેરચર પણ સારું કામ કરી શકશે. આ ઉપરાંત ઈનફિનિક્સે એર ચાર્જને શોકેસ કર્યું છે. આ પ્રોડક્ટની સાથે ૨૦સીએમ અને ૬૦ ડિગ્રીના એંગલ સુધી પણ ડિવાઈસને ચાર્જ કરી શકાશે. એરચાર્જ મલ્ટી-કોઈલ મેગ્નેટિંગ રેઝોનેન્સ અને એડોપ્ટિવ અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. આ ટેક્નોલોજી સાથે યૂઝર્સ પોતાના ડિવાઈસને કેબલ વિના જ ચાર્જ કરી શકે છે. આ પદ્ધતિમાં ટેક્નોલોજી ૭.૫ડબ્લ્યુનો પાવર ડિલીવર કરે છે.

### દિલ્હી સહિત દેશના ચાર રાજ્યોમાં ૬.૨ની તીવ્રતાનો ભૂકંપ

। નવી દિલ્હી, તા.૧૧ । આજે (ગુરુવાર) દિલ્હી - એનસીઆર, હરિયાણા, પંજાબ, જમ્મુ કાશ્મીર સહિતના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આ આંચકા ઘણીવાર સુધી અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના ફૈઝાબાદમાં નોંધાયું હતું અને હિંદુકુશ વિસ્તારમાં રિક્ટર સ્કેલ પર ૬.૨ની તીવ્રતા નોંધાઈ. આ ભૂકંપ ના આંચકા બપોરે ૨:૫૦ મિનિટ પર અનુભવાયા હતા. મહત્વનું છે કે, આ સિવાય જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લાના પીર પંચાલ વિસ્તારના દક્ષિણમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે, હજુ સુધી કોઈ નુકસાનીના સમાચાર મળી રહ્યા નથી.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ભૂકંપ દરમિયાન ડરો નહીં, શાન રહો. ટેબલ નીચે જાઓ અને એક હાથથી પોતાના માથાને ઢાંકો. બહાર આવ્યા બાદ બિલ્ડિંગ્સ, વૃક્ષોથી દૂર રહો. આ સિવાય લિફ્ટનો ઉપયોગ ન કરો. તમે ગાડીની અંદર છો તો તેને રોકીને આંચકા અટકે ત્યાં સુધી અંદર જ રહો.




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર સમારોહમાં હાજર રહ્યા હતાં.

# અજમેરના ઢાઈ દિન કા ઝોપડાને મૂળ સ્વરૂપમાં લાવવા બીજેપીના સાંસદનો કેન્દ્રને પત્ર

### ઢાઈ દિન કા ઝોંપડા મૂળરૂપે એક વિશાળ સંસ્કૃત કોલેજ હતી, તે જ્ઞાન અને શાણપણની હિંદુ દેવી સરસ્વતીને સમર્પિત મંદિર હતું

। (એજન્સી) અજમેર, તા.૧૧ । અજમેરની "ઢાઈ દિન કા ઝોપડા" મસ્જિદને મંદિરમાં પરિવર્તિત કરવાની માગણીએ જોર પકડ્યું છે. બીજેપી સાંસદ રામચરણ બોહરાએ કહ્યું છે કે ટૂંક સમયમાં જ આ જગ્યાએ ફરીથી સંસ્કૃત મંત્રો ગુંજશે. તેમણે આ સ્થળને તેના મૂળ સ્વરૂપમાં લાવવા માટે કેન્દ્રીય સંસ્કૃતિ, પર્યટન અને પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રી કિશન રેડ્ડીને પત્ર પણ લખ્યો છે. ઈસ્લામિક આક્રમણકારોએ સેંકડો હિંદુ મંદિરો તોડીને તેમના પર મસ્જિદો બનાવી હતી. આમાંથી એક ઢાઈ દીન કા ઝોંપડા પણ છે. જેને આજે 'ઢાઈ દિન કા ઝોપડા' કહેવામાં આવે છે, તે મૂળરૂપે એક વિશાળ સંસ્કૃત કોલેજ (સરસ્વતી કંઠભરણ મહાવિદ્યાલય) હતી. તે જ્ઞાન અને શાણપણની હિંદુ દેવી સરસ્વતીને સમર્પિત મંદિર હતું. ૧૧૯૨ એડીમાં, મુહમ્મદ ઘોરીએ મહારાજા પૃથ્વીરાજ ચૌહાણને હરાવ્યા અને અજમેર પર કબજો કર્યો. તેણે તેના ગુલામ કમાન્ડર કુતુબુદ્દીન-ઐબકને શહેરમાં આવેલા મંદિરોનો નાશ કરવાનો આદેશ આપ્યો. એવું કહેવાય છે કે તેણે ઐબકને ૬૦ કલાકની અંદર મંદિરના સ્થળે મસ્જિદનો નમાઝ વિભાગ બનાવવાનો આદેશ આપ્યો હતો જેથી તે નમાઝ અદા કરી શકે. તેનું નિર્માણ અઢી દિવસમાં થયું હોવાથી તેનું નામ 'ઢાઈ દિન કા ઝોપડા' રાખવામાં આવ્યું હતું. આ મસ્જિદને તેના મૂળ સ્વરૂપ માં લાવવાની માંગ એવા સમયે વેગ પકડાઈ છે જ્યારે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અયોધ્યામાં ભગવાન રામ લલ્લાનો અભિષેક થવાનો છે. અયોધ્યામાં પણ ઈસ્લામિક આક્રમણકારોએ રામજન્મભૂમિ પર બાબરના નામે એક માળખું ઊભું કર્યું હતું. લગભગ ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ હવે આ સ્થાન પર ભવ્ય રામ મંદિર આકાર લઈ રહ્યું છે. જયપુરના સાંસદ રામચરણ બોહરાએ કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, "૧૨મી સદીમાં મહારાજ વિગ્રહરાજ ચૌહાણ દ્વારા મંદિર અને સંસ્કૃત શિક્ષણ કેન્દ્ર તરીકે સ્થાપિત ઢાઈ દિન કા ઝૂંપડા ૧૨૯૪માં બનાવવામાં આવી હતી. મોહમ્મદ ઘોરીના આદેશ પર કુતુબુદ્દીન એબકે તેને તોડી પાડ્યો હતો. વેદ અને પુરાણોના પ્રસારક હોવા ઉપરાંત, આ કેન્દ્ર સાંસ્કૃતિક શિક્ષણનું પણ મહત્વનું કેન્દ્ર રહ્યું છે. પત્રમાં તેમણે લખ્યું છે કે, "ગુલામીનું આ પ્રતીક હજુ પણ ભારતીય સમાજ માટે કલંક છે. તેથી, તેને તેના મૂળ સ્વરૂપમાં રૂપાંતરિત કરવા માટે, આ પત્ર તમારા વિચારણા માટે પ્રસ્તુત છે.

### પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રીની તસવીર વાયરલ

# પૂર્વ મંત્રીએ પરિવાર સાથે પ્લેટફોર્મ પર બેસીને ટ્રેન આવવાની રાહ જોઇ

### લોકોએ તસવીરને લાઈક અને કોમેન્ટ કરીને વખાણ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ । આ દિવસોમાં પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુની એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ ફોટો વાયરલ થવાનું કારણ તેમની સાદગી છે જેને લોકો પસંદ કરી રહ્યા છે.

પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુનો આ ફોટો હૈદરાબાદ રેલ્વે સ્ટેશન પર લેવામાં આવ્યો હતો. જેમાં તેઓ પોતાના પરિવાર સાથે પ્લેટફોર્મ પર બેસીને ટ્રેનની રાહ જોઈ રહ્યાં છે. આ જ કારણ છે કે લોકો તેની તસવીરને લાઈક અને કોમેન્ટ કરીને તેના વખાણ કરી રહ્યા છે. આ તસવીર તેલુગુ દેશમ પાર્ટી જયટીડીપી દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવી છે. ટીડીપીએ આ પોસ્ટ શેર કરતાં કેપ્શનમાં લખ્યુ કે, "અશોક ગજપતિ રાજુ પોતાનામાં એક રાજા છે. તે હૈદરાબાદ રેલ્વે સ્ટેશન પર સામાન્ય માણસની જેમ ઘરે પાછા જવા માટે ટ્રેનની રાહ જોઈ રહ્યા છે. તે ઈમાનદારી અને,સચ્ચાઈનું પ્રતિક છે. તે હંમેશા તે જ કામ કરે છે જે લોકો માટે સૌથી સારુ હોય છે.સત્તા તેમને ક્યારેય ભ્રષ્ટ કરી શકતી નથી." ટીડીપી દ્વારા શેર કરવામાં આવેલી તસવીરને થોડા જ કલાકોમાં ૯૦ હજારથી વધુ વ્યૂઝ અને ૩૭૦૦ લાઈક્સ મળી છે.

### ભારત દ્વારા અમેરિકા પર નિશાન સાધી કેનેડાની ઝાટકણી

# કેનેડા આતંકવાદને યોગ્ય કહે છે, અમેરિકા એમ કરતું નથી : ભારત

### અમેરિકાને લાગ્યું હતું કે, કોઈ મામલો છે, પરંતુ તેમની વાત સાચી છે કે નહીં, તે અદાલત નક્કી કરશે : જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ । ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિઝ્ઝરની હત્યા અને ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના પ્રયાસ મામલે કેનેડા-અમેરિકાના આક્ષેપો વચ્ચે વિદેશમંત્રી એસ.જયશંકરે સ્પષ્ટ કહ્યું છે કે, 'ભારતની દ્રષ્ટિએ અમેરિકા અને કેનેડા એક નથી. કેનેડા અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે અલગતાવાદ, આતંકવાદ અને ઉગ્રવાદને યોગ્ય કહી રહ્યો છે, પરંતુ અમેરિકા આવું કરતો નથી. જયશંકરે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'અમે અમેરિકા અને કેનેડાને એક સરખા માનતા નથી. અમેરિકાને લાગ્યું હતું કે, કોઈ મામલો છે, પરંતુ તેમની વાત સાચી છે કે નહીં, તે અદાલત નક્કી કરશે. તેઓ અમારી પાસે આવ્યા અને કહ્યું કે, જુઓ અમારી આ સમસ્યાઓ છે અને અમે તમને કહી રહ્યા છે. અમે ઈચ્છીશું કે, તમે તપાસ કરો કે શું થઈ રહ્યું છે, પરંતુ કેનેડાએ આવું ન કર્યું. અમેરિકા કેનેડાની જેમ અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે અલગતાવાદ, આતંકવાદ અને ઉગ્રવાદને સમર્થન આપી રહ્યો નથી.

### ISIS મોડ્યુલ કેસમાં માલદીવની કડી બહાર આવી

# આતંકી શાહનવાઝ કેજડ પર્લ ટેલિગ્રામ ચેનલથી મહિલાના સંપર્કમાં આવ્યો હતો

### માલદીવની મહિલા આતંકવાદી શહનવાઝની હેન્ડલર હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ । ઑક્ટોબર ૨૦૨૩માં આઈએસઆઈએસના મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો તેની તપાસમાં હવે માલદીવની એક મહિલાએ ધરપકડ કરાયેલા આતંકવાદી મોહમ્મદ શાહનવાઝની હેન્ડલર તરીકે સેવા આપી હતી. શાહનવાઝ, ભૂતપૂર્વ માઈનિંગ એન્જિનિયર, આઈએસઆઈએસ ઓપરેટિવ બન્યો, તેણે "કેજડ પર્લ" નામની ટેલિગ્રામ ચેનલ દ્વારા મહિલા સાથે સંપર્ક કર્યો. મહિલાએ કથિત રીતે ઈરાક-સીરિયા સરહદ નજીક આઈએસઆઈએસના જાણીતા શરણાર્થી અટકાયત કેન્દ્ર અલ-હૌલ કેમ્પમાં મહિલાઓ માટે ભંડોળ એકત્ર કરવાનું કામ કર્યું હતું.

એક અહેવાલ મુજબ, શાહનવાઝે કેરળમાં એક શિક્ષક દ્વારા ગૂગલ પેનો ઉપયોગ કરીને ૧.૪ લાખ રૂપિયા (ગુનાની આવક) ટ્રાન્સફર કર્યા. તપાસમાં જાણવા મળ્યું કે મહિલા ૨૦૧૫ માં સીરિયા ભાગી ગઈ હતી અને શાહનવાઝને તેના ભાઈનો સંપર્ક (માલદીવ મોબાઈલ નંબર) પ્રદાન કર્યો હતો, જેણે શાહનવાઝને અલ-હૌલ કેમ્પમાં પૈસા મોકલવા માટે માર્ગદર્શન આપ્યું હતું. મહિલાએ બે અઠવાડિયા પછી શાહનવાઝને આ પૈસા મળ્યાની પુષ્ટિ કરી. તેણીને પછીના વ્યવહારમાં ૪૦,૦૦૦ રૂપિયા પણ મળ્યા. એક પોલીસ દસ્તાવેજમાં લખ્યું છે કે, તબદીલી બાદ, શાહનવાઝને ટેલિગ્રામ પર ૈજી સાથે જોડાયેલ ત્રણ સંસ્થાઓ, જેમ કે, કાસિમ ખુરાસાની (એક કાશ્મીરી), હુઝૈફા અને કાશિફ (બંને અફઘાન નાગરિકો) સાથે સંપર્કમાં રાખવામાં આવ્યો હતો. થોડા સમય પછી, હુઝૈફા અને કાસિમ ખુરાસાનીના આઈડી બિન-કાર્યકારી બની ગયા, પરંતુ તે ભારતમાં ૈજીના વિસ્તરણની ચર્ચા કરીને કાશિફ સાથે સંપર્કમાં રહ્યો. ૨જી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ, શાહનવાઝ ઉર્ફે શફી ઉઝામાને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા દક્ષિણ દિલ્હીના જેતપુરમાં એક છુપાયેલા સ્થળેથી ધરપકડ કરવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન, તેઓએ અન્ય બે વ્યક્તિઓની પણ અટકાયત કરી હતી જેઓ NIA દ્વારા વોન્ટેડ હતા. સુરક્ષા દળોએ શાહનવાઝના ઠેકાણાઓમાંથી બોમ્બ બનાવવાનું સાહિત્ય કે જે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ દ્વારા મોકલવામાં આવ્યું હતું અને અન્ય ગુનાખોરી સામગ્રી જપ્ત કરી હતી.

શાહનવાઝ વ્યવસાયે એન્જિનિયર છે અને આઈએસઆઈએસ પુણે મોડ્યુલ કેસમાં વોન્ટેડ હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે મૂળ દિલ્હીનો છે પરંતુ તે પુણે ગયો હતો. જુલાઈ ૨૦૨૩ માં દરોડામાં તેના બે સહયોગીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તે ભાગવામાં સફળ થયો હતો, દિલ્હી પાછો ફર્યો હતો અને છુપાયેલા સ્થળે રહેતો હતો. મોડ્યુલ વિદેશી-આધારિત હેન્ડલર્સની સૂચનાઓ પર સમગ્ર ભારતમાં આતંકવાદી હુમલા કરવાની યોજના ઘડી હતી. હવે તપાસમાં આ આતંકવાદીનું માલદીવ કનેક્શન સામે આવ્યું છે. આઈએસઆઈએસ આતંકવાદીઓનું આ માલદીવ કનેક્શન માલદીવના ૩ મંત્રીઓને ભારત વિરોધી અને હિંદુ વિરોધી અપશબ્દો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ બરતરફ કર્યાના દિવસો પછી સામે આવ્યું છે. માલદીવ, ૧,૨૦૦ ટાપુઓમાં ફેલાયેલો સુન્ની મુસ્લિમ બહુમતી દેશ, એશિયા ખંડની મુખ્ય ભૂમિથી લગભગ ૭૫૦ કિલોમીટરના અંતરે શ્રીલંકા અને ભારતના દક્ષિણ-પશ્ચિમમાં સ્થિત છે. જોકે, માલદીવ આતંકવાદ માટે જેટલું કુખ્યાત છે એટલું જ તેની સુંદરતા માટે પણ પ્રખ્યાત છે.

વિશ્વના સૌથી બર્બર ઈસ્લામિક આતંકવાદી સંગઠનો ઈસ્લામિક સ્ટેટ અથવા આઈએસઆઈએસ અને અલ કાયદાએ માલદીવમાં મૂળિયાં જમાવી લીધા છે. શરિયા સંચાલિત આ દેશમાં ઘણા આતંકવાદીઓ દુનિયાના રડાર પર છે. એક સમય હતો જ્યારે અહીંનું શાસન બૌદ્ધ ક્ષત્રિયોના હાથમાં હતું. સમય જતાં, અહીં મુસ્લિમોની સંખ્યામાં વધારો થયો અને આજે ૯૮ ટકાથી વધુ વસ્તી કટ્ટરપંથી સુન્ની મુસ્લિમોની છે. હવે આ મુસ્લિમ બહુમતી ધરાવતા દેશમાં મોટાભાગના બૌદ્ધ સ્તૂપ કાં તો તૂટી ગયા છે અથવા જર્જરિત હાલતમાં છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરીએ એક રિપોર્ટમાં કહ્યું છે કે ૨૦૧૪થી ૨૦૧૮ની શરૂઆત સુધી ૨૫૦થી વધુ માલદીવના લોકો આઈએસઆઈએસમાં સામેલ થવા માટે સીરિયા ગયા હતા.

## તંત્રી લેખ...

# ગૌતમ અદાણી નવી કંપનીનો આવી શકે છે IPO

અદાણી ગ્રુપ તરફથી વર્ષ ૨૦૨૪ના સૌથી મોટા સમાચાર આવી રહ્યા છે. Cogencisને ટાંકીને આ માહિતી આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અદાણી એરપોર્ટ ટૂંક સમયમાં શેરબજારમાં લિસ્ટ થવા જઈ રહ્યું છે. અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં બુધવારે ૩%નો વધારો થયો હતો. તેનું લિસ્ટિંગ કરતા પહેલા અદાણી એરપોર્ટ્સ હોલ્ડિંગ્સને અદાણી એન્ટરપ્રાઈઝમાંથી ડિમર્જ કરવામાં આવશે. હાલમાં અદાણી એન્ટરપ્રાઈઝ અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સમાં ૧૦૦% હિસ્સો ધરાવે છે. એરપોર્ટ કંપનીના ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ બિઝનેસનો એક ભાગ છે. અદાણી એરપોર્ટ હાલમાં ૮ એરપોર્ટનું સંચાલન કરે છે. આ સિવાય નવી મુંબઈ એરપોર્ટની જવાબદારી પણ કંપનીની છે. એવો અંદાજ છે કે નવી મુંબઈ એરપોર્ટનો પ્રથમ તબક્કો ડિસેમ્બર ૨૦૨૪માં પૂર્ણ થવાની ધારણા છે. વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં અદાણી એન્ટરપ્રાઈઝ એરપોર્ટ બિઝનેસ પર લગભગ ૧.૧ બિલિયન ડોલર ખર્ચવાની યોજના ધરાવે છે. આ કેપેક્સનો મોટો હિસ્સો નવી મુંબઈ એરપોર્ટ માટે હશે. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ વિષે જણાવીએ, અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સની શરૂઆત વર્ષ ૨૦૧૯ માં કરવામાં આવી હતી, જેનો ૧૦૦% હિસ્સો અદાણી એન્ટરપ્રાઈઝ પાસે છે. કંપનીએ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રાન્સપોર્ટ લોજિસ્ટિક્સ બિઝનેસમાં તેનો પ્રવેશ વધારવાની યોજનાના ભાગરૂપે એરપોર્ટ બિઝનેસ શરૂ કર્યો હતો. અદાણી એરપોર્ટ્સની વેબસાઈટ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, કંપની પાસે અમદાવાદ, લખનૌ, મેંગલુરુ, જયપુર, ગુવાહાટી અને તિરુવનંતપુરમ જેવા એરપોર્ટનું સંચાલન અને સંચાલન કરવાની જવાબદારી છે. કંપની આ તમામ ૬ એરપોર્ટ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) સાથે કન્સેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવાની પણ તૈયારી કરી રહી છે. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૭૩% હિસ્સો ધરાવે છે. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૭૪% હિસ્સો ધરાવે છે. અદાણી એરપોર્ટ તેના પોર્ટફોલિયોમાં ૮ એરપોર્ટ ધરાવે છે, જેમાંથી કેટલાક પર કામ ચાલુ છે. આ કંપની દેશની સૌથી મોટી એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની છે, જે દેશના કુલ પેસેન્જર ફૂટફોલના ૨૫% અને એર કાર્ગો ટ્રાફિકના ૩૩%નું સંચાલન કરે છે.

## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ 'આફ્રિકા ધ નેક્ટ ફ્રન્ટીયર એન્ડ સ્કોપ ફોર ઈન્ડિયા' અંગે સેમિનાર યોજાયો





। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યો માટે અમે લાલ જાજમ બિછાવીને વિકાસ માટે તેમનું સ્વાગત કરીએ છીએ : ઘાનાના રાજકીય અને આર્થિક બાબતોના મંત્રીશ્રી અરનેસ્ટ નાના એડજઈ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેટર્સ સમિટ-૨૦૨૪ના બીજા દિવસે મહાત્મા મંદિર ખાતે હરિયાણાના મુખ્યમંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરના અધ્યક્ષસ્થાને ઈન્ડો- આફ્રિકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા 'આફ્રિકા ધ નેક્સ્ટ ફ્રન્ટીયર એન્ડ સ્કોપ ફોર ઈન્ડિયા' અંગે સેમિનાર યોજાયો હતો. હરિયાણા મુખ્યમંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ પર ભાર મુકતા જણાવ્યું હતુ કે, ગુજરાત અને આફ્રિકાની જેમ હરિયાણામાં પણ વિકાસ માટે 'પોસિબિલિટીસ, પોટેન્શીયાલિટી અને પ્રોસપેરિટી'નો સુભગ સમન્વય જોવા મળે છે. તેમણે કહ્યું કે, ઔદ્યોગિક વિકાસની સાથે આપણે સ્કીલ ડેવેલપમેન્ટ, નોલેજ અને ટેકનોલોજી, ઈકોનોમિક ડેવેલપમેન્ટ અને માનવીય સબંધો અને સુરક્ષા પર ધ્યાન આપવું જોઈએ. આજે ગુજરાતના યુવાનો જોબ સીકર નહિ પરંતુ જોબ ગીવર બની રહ્યા છે જેમાંથી પ્રેરણા મેળવીને અન્ય રાજ્યોએ પણ રોજગારીની નવી તકોનું નિર્માણ કરવું જોઈએ. તેમણે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતના વિકાસમાં હાઈવે, રેલ્વે, વોટર-વે, એર-વે મહત્વનો ભાગ ભજવી રહ્યા છે. ઘાનાના રાજકીય અને આર્થિક બાબતોના મંત્રીશ્રી અરનેસ્ટ નાના એડજઈએ જણાવ્યું કે, સોનું, લીથીયમ પ્રોડ્યુસર, ઓઈલ અને ગેસ, મેંગેનીઝ, કૃષિ પેદાશોના ઉત્પાદનમાં ઘાના અગ્રેસર છે. ટુરિઝમ અને હેલ્થ કેરના ક્ષેત્રે પણ ઘાનાએ ખુબ પ્રગતિ કરી છે. ભારતના ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યો માટે અમે લાલ જાજમ બિછાવીને વિકાસ માટે તેમનું સ્વાગત કરીએ છીએ. યુગાન્ડાના એમ્બેસીના મિશન ડેપ્યુટી હેડ શ્રી લુસી માર્ગારેટ કયોગીરેએ યુગાન્ડામાં રહેલી ઉજળી તકો વિશે વાત કરતા કહ્યું કે, અમારા દેશમાં કૃષિ, ફૂડ પ્રોસેસિંગ, ફિશ પ્રોસેસિંગ, જ્યુસ, કોફી, ડેરી ડેવલોપમેન્ટ, પોલ્ટ્રી, કોલ્ડ સ્ટોરજ, શિક્ષણ, માઈનિંગ, મેડિકલ સહિત ટુરિઝમ અને હોસ્પિટલીટીમાં વિકાસની ભરપૂર તકો રહેલી છે. ભારતે આ દિશામાં આગળ વધવું જોઈએ. ઈન્ડો- આફ્રિકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી(IACCI) ના સેક્રેટરી જનરલશ્રી ડૉ. સુંનંદા રાજેન્દ્રને જણાવ્યું કે આફ્રિકા દેશની યુવા વસ્તીની માંગને ધ્યાનમાં રાખીને આફ્રિકામાં કૃષિ, ડેરી ડેવલોપમેન્ટ, રસ્તા, શિક્ષણ, રીન્યુબલ એનર્જી, વીજળી સહિત માળખાકીય સુવિધાઓ માટેના ઉદ્યોગોમાં વિકાસની ખુબ ઉજળી તકો રહેલી છે જેનો લાભ ભારતીયોએ લેવો જોઈએ. ભારત આફ્રિકાનો ભાગીદાર કેવી રીતે બની શકે તે અંગે તેમણે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે બુર્કીના ફાસોના ભારત ખાતેના રાજદૂત ડૉ. ડાયજીરે સોમે, કોર્પોરેટ સલાહકાર શ્રી સુહાની પ્રભુ, ઈન્ડો- આફ્રિકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી(IACCI) ના મેમ્બરશ્રી પ્રણય પારેખ સહિત આફ્રિકા અને ભારતના અગ્રણીઓ અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

### સદગુરુ કૃપા હી કેવલમ । શીર્ષક - ચિંતનની ક્ષણે

# સ્વામી વિવેકાનંદ! ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો, એ સિદ્ધ સૂત્ર આપનાર છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જાહેરાતોના આ યુગમાં આપણે જોઈએ તો સૌથી વધુ જાહેરાતો, કોઈને કોઈ રીતે આપણે યુવાન બની રહીએ એ માટેની હોય છે. એ કોઈપણ સમાજની વાસ્તવિકતા બતાવે છે, અને અહીં કોઈને મરવું નથી, અને ઘરડા પણ થવું નથી. આજની આ ચકાચોંધ કરી દેતી એકદમ હાઈફાઈ લાઈફ કોને છોડવી ગમે? અને એમાં પણ જ્યારે આપણાં કર્મ પર આપણને ભરોસો ન હોય! કે આવતો જન્મ કોનો મળશે? અને ભોગવવા શું મળશે? આ બંને પ્રશ્નાર્થ વિશે તો ઉત્તરાર્ધ સુધી કંઈ વિચાર્યું જ ન હોય, એટલે સ્વાભાવિક મૃત્યુનો ડર રહે. ખેર છોડો! એ આપણો આજનો મુદ્દો નથી. પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બની રહે, બાહ્ય દેખાવ સુંદર રહે, અથવા વધુ સુંદર કઈ રીતે દેખાવુ એના માટે સૌ કોઈ સતત પ્રયત્નશીલ રહે છે. જાહેરાતો વાળા આપણી આ માનસિક નબળાઈને પકડી પાડીને જાત જાતની બ્યુટી પ્રોડક્ટની જાહેરાતો બનાવે છે. ઉંમર વધતાં હાડકાં નબળા પડવા કે પછી કેલ્શિયમ ઘટી ગયું હોય તો કઈ ગોળી લેવી એની પણ જાહેરાત ટીવી માધ્યમથી થાય છે. તો આજકાલ યોગનો પ્રચાર પણ ખૂબ જ વધ્યો છે, અને યોગ આસનો કરીને પણ લોકો અંતે તો યુવાની ટકાવી રાખવા જ માંગતા હોય છે. પરમની પ્રાપ્તિ કે પરમ શાંતિના અનુભવ માટેનું લક્ષ્ય બહુ ઓછાનું હોય છે. પરંતુ પહેલાં આવું નહોતું, પહેલા આધ્યાત્મિક જીવનથી ઘણા પ્રભાવિત થતા, ઘણા પરમની પ્રાપ્તિ માટે કે પરમાનંદનો અનુભવ કરવા માટે બહુ નાની ઉંમરથી સંસારનો ત્યાગ કરીને નીકળી પડતા!: અને આવા જ એક વિરલ વ્યક્તિત્વ અથવા તો વ્યક્તિ વિશેષ કે, જેને આજે પણ પુરા આદર અને સન્માનથી યાદ કરવામાં આવે છે, એવા સ્વામી



વિવેકાનંદનો જન્મદિવસ છે, અને એને યુવા દિવસ તરીકે પણ જાહેર કરવામાં આવ્યો છે.

૧૮૬૩ નાં ૧૨ જાન્યુઆરી એ કોલકાતાના બેલુર ગામ ખાતે નરેન્દ્ર દત્ત શર્મા તરીકે જન્મેલું બાળક મોટું થઈને સ્વામી વિવેકાનંદ તરીકે પ્રસિદ્ધિ પામ્યા! જે સ્વામી રામકૃષ્ણ પ્રિય પરમહંસના શિષ્ય હતાં. નરેન્દ્ર શર્મા નામનું બાળક અન્ય બાળક કરતાં તેજ બુદ્ધિ પ્રતિભા ધરાવતા હતા, અને જ્યારે બાળકો અક્ષર અને આંકડા ઓ ઓળખતા હતાં ત્યારે એ વાંચવા માંડ્યા હતાં. બાળક નરેન્દ્ર નાં પિતા હાઈકોર્ટમાં વકીલ હતા અને એમની ઈચ્છા નરેન્દ્રને પણ વકીલ બનાવવાની હતી. જૂની જીઝઝ સુધીનો અભ્યાસ કર્યો હતો અને પરિવારની જવાબદારી સ્વરૂપે એમણે અધ્યયન કાર્ય પણ કરાવ્યું હતું.

ભારતના આધ્યાત્મિક વારસાનું નવસંસ્કરણ કરનાર, અનન્ય સત્યાનુરાગી, દરિદ્ર પ્રત્યે અપાર અનુકંપા ધરાવનાર, રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને એમના વિચારોના સંદેશવાહક. તેમનો જન્મ કોલકાતાના સુપ્રસિદ્ધ વિદ્યાનુરાગી, સંસ્કારસંપન્ન, ધર્માનુરાગી દત્ત પરિવારમાં થયો હતો. વિશ્વનાથ દત્ત તે વિવેકાનંદના પિતા, અને માતા ભુવનેશ્વરીદેવી, જે પરમ ધર્માનુરાગી સન્નારી હતાં. એમની કૂખે નરેન્દ્રનાથનો જન્મ થયેલો. એ દિવસ પોષ વદ સાતમ ને સોમવારનો મકરસંક્રાંતિનો પવિત્ર દિવસ હતો. ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો એ સૂત્ર આપનાર સ્વામી વિવેકાનંદ ભારતીય યુવા જગતના રોલ મોડેલ છે. હિન્દુ સનાતન સંસ્કૃતિનો વિદેશમાં પ્રચાર કરનારા અને ત્યાંના લોકોમાં આપણી સંસ્કૃતિ માટે માન સન્માન વધારનાર તરીકે એ સૌથી નાની ઉંમરના સ્વામી હતાં. માત્ર નવ વર્ષની ઉંમરે એમને વૈરાગ્ય શું છે? જાણવાની તાલાવેલી થઈ હતી. કિશોરો તથા યુવાનો ને બ્રહ્મચર્યની શિક્ષા વિષે અભિગત કરનાર હતાં, અને એમનાં ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસ ના જીવન સૂત્રો નો સાર ને સાચી રીતે ગ્રહણ કરનારા હતાં. એમણે યુવાનો ને સંબોધીને ઘણી વાત કરી છે અને માત્ર ૩૯ વર્ષ ૫ મહિના અને અમુક દિવસ સુધી જ તેઓનું જીવન રહ્યું છતાં એટલાં ટૂંકા ગાળામાં એમણે આપણી સંસ્કૃતિને વિશ્વ ઉજાગર કરવા તથા આપણાં ભારત દેશના ગરીબ અને પીડિત લોકોની ઘણી સહાય કરી હતી. કોલકાતામાં પ્લેગ નામની ગંભીર બિમારી ફેલાઈ અને ધનવાન લોકો સ્થળાંતર કરી ગયા ત્યારે તેમણે ઘણું રાહત કાર્ય કર્યું હતું.

ગુરૂના અવસાન બાદ પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યુ, અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો. તેઓ પાછળથી શિકાગો ગયા અને સન ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. પ્રખર વક્તા વિવેકાનંદને યુનાઈટેડ સ્ટેટ્સના અમુક મંચોએ યુનિવર્સિટીઓ અને ક્લબોમાં વક્તવ્ય આપવા નિમંત્રણ આપ્યું હતું. તેમણે કેટલાક જાહેર અને ખાનગી ભાષણોમાં કર્યા, અમેરિકા, ઈંગ્લેંડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં વેદાંત, યોગ અને હિન્દુ ધર્મનો પ્રચાર કર્યો હતો. તેમણે અમેરિકા તથા ઈંગ્લેંડમાં વેદાંત સોસાયટીઓની પણ સ્થાપના કરી હતી. પછીથી તેઓ ભારત પરત આવ્યા હતા તથા સન ૧૮૯૭માં તેમણે રામકૃષ્ણ મઠ તથા મિશન - એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્રનિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. મહાત્મા ગાંધી. જવાહરલાલ નહેરુ સુભાષચંદ્ર બોઝ અરવિંદ ઘોષ રાધાકૃષ્ણન જેવા અન્ય રાષ્ટ્રીય નેતાઓ તથા વિચારકો પર તેમના તત્વજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો. યુવાનો ને ધ્યેય માર્ગે દોરનારા સ્વામી વિવેકાનંદ વિશે આપણા સમાજમાં ઘણી ગેરમાન્યતાઓ ફેલાઈ છે, અને ખાસ કરીને તેમની સમાધિ વિશે લોકો ગમે તેમ કહેતાં સંભળાય છે, અને તેઓ બીમારીથી પીડાઈને મૃત્યુ પામ્યા હતાં, એવી વાતો પણ કરે છે. એ જે હોય તે એમાં આપણે જવું નથી, પરંતુ શું આપણે એમના જીવનમાંથી શુભ તારવી ન શકીએ?; જેમણે નાની ઉંમરમાં વૈરાગ્ય માર્ગે ચાલીને આપણી સંસ્કૃતિ તરફ જોવા માટે લોકોને વિવશ કર્યા એમનું માન જાળવી ન શકીએ? પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય, એવી આપણે ત્યાં એક કહેવત છે. સ્વામી વિવેકાનંદ કે જે જ્યારે બાળક નરેન્દ્ર સ્વરૂપે હતાં, ત્યારથી જ તેમનો સ્વભાવ પ્રેમાળ અહિંસક અને કરુણામય હતો, અને આ વાતને સાબિત કરતું એક ઉદાહરણ હું અહીં મૂકવા માંગુ છું, કદાચ કોઈને ખબર હોય પણ ખરી. રામકૃષ્ણ પરમહંસના પરિચયમાં આવ્યા બાદ જ્યારે તેમણે વૈરાગ્ય લેવાનો નિશ્ચય કર્યો, ત્યારે તેઓ પોતાના માતાપિતા પાસે અનુમતિ લેવા ગયાં, અને પોતાની માતાને આ વાત જણાવી ત્યારે એમની માતા રસોડામાં શાક સમારવાનું કામ કરતા હતા, અને એમણે વૈરાગ્યની વાત ધ્યાન પર લીધા વગર એમ કહ્યું બેટા સામે પડેલ ચપ્પુ મને આપતો! નરેન્દ્ર એ ચપ્પુ ઉઠાવીને જ્યારે પોતાની માતાને આપ્યું, ત્યારે તેમણે કહ્યું કે જા બેટા તું વૈરાગ્યમાં સફળ થઈશ! આપણને એમ થાય કે ચપ્પુ આપવાની આ નાનકડી ઘટના પરથી એમની માતાને કઈ રીતે અંદેશો આવ્યો કે એ વૈરાગથી વિચલિત નહીં થાય!; નરેન્દ્ર એ જ્યારે પોતાની માતાને ચપ્પુ આપ્યું ત્યારે ધાર વાળો ભાગ પોતાની તરફ રાખ્યો, અને હાથો તેમની માતાને આપ્યો! આ દ્રશ્ય જોઈને એમની માતાને વિશ્વાસ આવ્યો, કારણકે જે બીજાને જરા પણ હિંસા ન પહોંચે એનો જે ખ્યાલ રાખી શકે એ જ વ્યક્તિ વૈરાગ્યને કાબીલ છે, એવી એમની ધારણા હતી, અને તેમનો પુત્ર તેમની આ પરીક્ષામાં પાસ થયો હોવાથી તેમણે તેને અનુમતિ આપી હતી. આ વાત પણ મેં મારી મોટી ભાભી પાસેથી સાંભળી હતી. આજે જ્યારે આપણે આપણી સંસ્કૃતિનાં પુનઃ ઉત્થાન માટે પ્રયત્નશીલ થયાં છીએ ત્યારે ભારતના એક યુવાન સંન્યાસીનાં જીવનમાંથી શુભ તારવી આપણું જીવન અજવાળી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# માનવ મન બહુ લુચ્ચું છે 'મારું અને તારું'એ મનના ઊભા કરેલા ખેલ છે ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણ રૂપ છે



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા

સૌને જય માતાજી.. સુપ્રભાત..

ભગવદ્ ગીતામાં કહયું છે કે સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે.રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામ થી આવશે તો મન કહેશે કે, આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવે ને કહે કે,નાસ્તો કરીને આવ્યો છું. ભૂખ નથી. તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે. આ બધો મનનો ખેલ છે.મન બહુ લુચ્ચું છે.'મારું અને તારું'એ મનના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણ રૂપ છે.મા,જીવનાં બધન અનેમોક્ષ નું કારણ મનને જ માનવામાં આવ્યું છે. મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે.

ભગવાન શરીર જોતા નથી,ઘર જોતા નથી,ભગવાન કાળજુંજુએ છે.મન મોટું હોયતો ભગવાન આવે છે.મનમાં રહેલી અહંતા- મમતા, પારકો-મારો જ મનને દુઃખી કરે છે અને તે મનના ધર્મો આત્મસ્વરૂપ માં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખીદુઃખી માને છે.પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે.

પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે. મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી, નીચે જાય છે. પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે. પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો.મનને મંત્ર નો સંગ થાય તો અધોગતિ મન ઉર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું



સાધન નથી.મનને ઊલટું કરવાથી થશેનમ નમ એટલે નમન-નમ્રતા દીનતા નમ અને નામ મનને સુધારશે.માટે મન ને સ્થિર કરવા નામ જપની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે.માટે કોઈ મંત્રનો જાપ કરો સંસારના વિષયોના સંગથીબગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવા થી સુધરે છે.સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે,તેમ છતાં તે સર્વનાં દુઃખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશ આપે છે.ભગવાનનું સ્વરૂપ એવું તેજોમય છેકેઆપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં. ભગવાનનું સગુણ સ્વરૂપ તેજોમય હોવાથી જોઈ શકાતું નથી, તેથી આપણા જેવા માટે તો ભગવાનનું નામ સ્વરૂપ, મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ લૌકિક વાસના અલૌકિક વાસના થી જ નીકળે છે.અસદ્ વાસનાનો વિનાશ સદવાસનાથી થાય છે માટે કોઈ નામનો દ્રઢ આશ્રય કરો. પરમાત્માના છે. મારે જન્મ મરણ ફેરામાંથી મુક્ત થવું છે. મારે ગોલોક ધામમાં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે. આવી ભાવના રાખો તો લૌકિક વાસનામાં ફસાયેલું મન સુધરે છે.ફિલ્મ જોવા ની વાસના કાઢવી હોય તો પરીક્ષા માં પહેલે નંબરે પાસ થવાની ઈચ્છા રાખવી.એ ઈચ્છાથી પુસ્તક સંગ લાગશે.પુસ્તક સંગથી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે.

એક રાજાને ત્યાં એક બકરો હતો. રાજાએ જાહેર કર્યું કે, આ બકરા ને પેટ ભરીને જંગલમાંથી કોઈ ચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ.જાહેરાત સાંભળી તરત એક મનુષ્ય રાજા પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી તે બકરાને ચરાવવા લઈ ગયો. તેણે આખો દિવસ સુંદર સુંદર ઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજના તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજા એ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું છે. બકરો ઘાસ ખાવા લાગ્યો.રાજાએ પેલા મનુષ્યને કહ્યું કે,તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે? પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં.ઘણા માણસો એ પ્રયત્ન કરીજોયા બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા ધસે જ.એક સત્સંગીને લાગ્યું કે,રાજા ની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે. હું યુક્તિથી કામ લઈશ. તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરા ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપર એ લાકડીનો ફટકો મારે.બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડીના ફટકા મોઢા ઉપર પડ્યા. અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે. સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો.રાજાએ બકરાને ઘાસ ખાવા નાખ્યું.પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં. તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે.

એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવા ત્મા રાજાએ પરમાત્મા.મનને મારો તેના ઉપર અંકુશ રાખો મનને વિવેકરૂપી લાકડી રોજ મારો મન અહંતા-મમતાથી ભરેલું છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો,તો તે વશ થશે. રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે. દ્રઢ વૈરાગ્ય,તીવ્ર ભક્તિ અને યમ નિયમાદિના અભ્યાસથી ચિત્ત વશ થાય અને સ્થિર થાય છે, અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદ્રશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ, મૃત્યુ,જરા, વ્યાધિના દુઃખનોવિચાર એ જ એક ઉપાય છે.આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે એક જ્ઞાન માર્ગ અને બીજો ભક્તિ માર્ગ. જ્ઞાનમાર્ગ કહે છે કે,સર્વછોડીને પરમાત્મા પાછળ પડો.વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાનમાર્ગ માં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે.જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાનમાર્ગમાં ત્યાગ મુખ્ય છે.

ભક્તિમાર્ગ કહે છે કે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી. એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવકોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમઆવી ને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિ એ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ.તમારાં ચરણ ને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે?પણ માતાજી ને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છે કે,આ શરીર નો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી.પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો.સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો. સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને

અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો. ભગવદ્ ગીતા જ્ઞાનનું રસ પાન આપણે કરી રહયા છીએ ત્યારે ક્યાંક પ્રેસ કે અન્ય ક્ષતિ જણાય તો એક જ્ઞાની વાચક ચાહક મિત્ર તરીકે સુધારીને મનન ચિંતન કરશો તો આનંદ માણી શકશો.. સૌનું કલ્યાણ થાઓ.

### ભારતના સ્ટાર ક્રિકેટરને વિશ્વના અનેક મહારથી ખેલાડી ઓળખે છે

# વિરાટ કોહલીને ઓળખવાનો ઈનકાર કરનારા રોનાલ્ડો પર ફેન્સ ભડક્યા

### વીડિયોમાં બ્રાઝિલના રોનાલ્ડો નાઝારીયો કોહલીના ફેન સ્પીડ સાથે દેખાઈ રહ્યો, તસવીર બતાવતા ઓળખી ગયો



। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને ક્રિકેટ જગતની સાથે સાથે અન્ય રમતના દિગ્ગજ ખેલાડીઓ પણ ઓળખે છે. પરંતુ આ દરમિયાન બ્રાઝિલના એક દિગ્ગજ ફૂટબોલરે વિરાટ કોહલીને ઓળખવાથી ઈનકાર કરી દીધો હતો. સોશિયલ મીડિયા પર જેનો એક વીડિયો પણ હાલ ખુબ વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં બ્રાઝિલના પૂર્વ દિગ્ગજ ફૂટબોલર રોનાલ્ડો નાઝારીયો કોહલીના ફેન સ્પીડ સાથે દેખાઈ રહ્યો છે. સ્પીડે જયારે રોનાલ્ડોને પૂછ્યું કે શું તમે વિરાટ કોહલીને ઓળખો છો? જવાબમાં ફૂટબોલરે વિરાટ કોહલીને ઓળખવાથી ઈનકાર કરી દીધો હતો. પરંતુ જયારે સ્પીડે રોનાલ્ડોને કોહલીની તસવીર બતાવી તો તે કોહલીને ઓળખી ગયો હતો. રોનાલ્ડોના વિરાટ કોહલીને ઓળખવાથી ઈનકાર કર્યા બાદ વિરાટ કોહલીના પ્રશંસકો ફૂટબોલર પર ભડકી ગયા હતા. આ પછી લોકોએ રોનાલ્ડોને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવાનું શરુ કર્યું હતું. લોકો પૂછવા લાગ્યા કોણ રોનાલ્ડો? એક યુઝરે તો એવું પણ લખ્યું કે તે માત્ર એક જ રોનાલ્ડોને ઓળખે છે અને તે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો છે.

### IPLમાં રૂપિયાનો વરસાદ, ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી

# ટીમ ઈન્ડિયાનો સ્ટાર રિંકુ સિંહના મા-બાપ સામાન્ય ઘરમાં રહે છે

### રિંકુ સિંહે એક મોટું ઘર પણ બનાવ્યું છે, પરંતુ આજે પણ તેના માતા-પિતા આ જૂના ઘર સાથે જોડાયેલા છે



। નવી દિલ્હી, તા.૧૧ ।

રિંકુ સિંહ આજે ટીમ ઈન્ડિયાનો મોટો સ્ટાર બની ગયો છે. આઈપીએલમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર રિંકુ સિંહ ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે તેણે છ બોલમાં પાંચ છગ્ગા ફટકારીને કોલકાતા નાઈટ રાઈડર્સને ઐતિહાસિક જીત અપાવી હતી. આ સિઝન પછી જ રિંકુ સિંહની ભારતીય ટીમમાં પણ પસંદગી થઈ ગઈ હતી. રિંકુ સિંહ હવે દેશભરમાં પ્રખ્યાત છે. પરંતુ આજે પણ તેના માતા-પિતા ખાન ચંદ અને મીના દેવી ગોવિલા ગેસ એજન્સી દ્વારા બનાવવામાં આવેલા ક્વાર્ટરમાં જીવન વિતાવી રહ્યા છે. જો કે રિંકુ સિંહે એક મોટું ઘર પણ બનાવ્યું છે. પરંતુ આજે પણ તેના માતા-પિતા આ જૂના ઘર સાથે જોડાયેલા છે. વાસ્તવમાં રિંકુ સિંહ તેના માતા-પિતા સાથે આ ક્વાર્ટરમાં રહીને મોટો થયો હતો. તેણે તેના પિતા સાથે સિલિન્ડર કેરિયર તરીકે પણ કામ કર્યું હતું. દરેક સુવિધા હોવા છતાં, રિંકુ સિંહના માતા-પિતા હજુ પણ ગોવિલા ગેસ એજન્સીના જૂના ક્વાર્ટરમાં રહે છે અને તેના પિતા હજુ પણ સિલિન્ડરનું કામ કરે છે. રિંકુ સિંહના પિતા ખાન ચંદ ઘરે-ઘરે સિલિન્ડર પહોંચાડતા હતા અને હજુ પણ સિલિન્ડરોની સંભાળ રાખી રહ્યા છે. બંને ખૂબ જ સાદું જીવન જીવે છે.

### પૂર્વ ક્રિકેટરે કમનસીબ ઘટનાની યાદો તાજી કરી

# ઓસ્ટ્રેલિયામાં રોહિત શર્માને ફેન્સે અપશબ્દો કહેતા ઝઘડો થયો હતો

### રોહિત શર્માના ફેન્સ સાથેના ઝઘડામાં પોતે સામેલ થયાનો ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી પ્રવીણ કુમારનો ખુલાસો



। મુંબઈ, તા.૧૧ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી પ્રવીણ કુમારે એક ઈન્ટરવ્યુમાં વાતચીત દરમિયાન એ ઘટનાને યાદ કરી જયારે ભારતીય ફેન્સ રોહિત શર્માને અપશબ્દો કહી રહ્યા હતા. આ ઘટના વર્ષ ૨૦૧૨ની છે, જયારે ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે હતી. આ દરમિયાન રોહિતને ફેન્સના અપશબ્દો સાંભળવા પડ્યા હતા. આ ઘટના યાદ કરતા પ્રવીણ કુમારે કહ્યું, 'હું ક્યારેય કોઈની સાથે ઝઘડામાં નથી પડ્યો. તે સમયે અમે ત્રણ ત્યાં હાજર હતા, હું, રોહિત શર્મા અને મનોજ તિવારી. ભારતીય ટીમના ઓલરાઉન્ડરે વધુમાં જણાવ્યું, 'અમે નેટ્સમાં પ્રેક્ટિસ કરી રહ્યા હતા. તે ઓસ્ટ્રેલિયાનું મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ હતું. ત્યાં ટીમ ઈન્ડિયાના ફેન્સ હતા, જે રોહિત શર્માને અપશબ્દો કહી રહ્યા હતા. અપશબ્દો સાંભળીને રોહિત શર્મા ગુસ્સે થઈ ગયો અને તેનો ફેન્સ સાથે ઝઘડો થઈ ગયો હતો. તેની સાથે હું પણ તેમાં સામેલ થઈ ગયો હતો. પ્રવીણ કુમારે ઘણા મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેણે વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર વિવાદ પર પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું, 'જો મોટો ભાઈ નાના ભાઈને ઠપકો પણ આપે તો કોઈ વાંધો નથી. તે મોટો છે તે તેને ઠપકો આપી શેક છે.

વિરાટ કોહલી શાનદાર વ્યક્તિ છે. તે જાણે છે કે રન કેવી રીતે બનાવવા છે. આ જ કારણ છે કે તે આજે આટલી ઉંચાઈ સુધી પહોંચ્યો છે. કોહલી પોતાના શરીર પર મહેનત કરવા ઉપરાંત સારી ડાયટ કેવી રીતે લેવી તે પણ જાણે છે. જયારે ગૌતમ ગંભીર વિશે પ્રવીણ કુમારે કહ્યું, 'તે મારા મોટા ભાઈ છે.

### ટી-શરત લેવાનાં પૈસા નહોતા

# ઝડપી બોલર જસપ્રીત બુમરાહે પાંચ વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા

### વિવિધ અહેવાલો અનુસાર, બુમરાહની નેટવર્થ ૨૦૨૩માં આશરે ૫૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે



। નવી દિલ્હી, તા.૧૧ ।

જસપ્રીત બુમરાહ ટીમ ઈન્ડિયાનો સર્વશ્રેષ્ઠ ઝડપી બોલર બનવાના માર્ગે છે. જરૂરિયાતના સમયે ટીમ માટે વિકેટ લેવાની સાથે બોલિંગ એવરેજ અને ઈકોનોમીની દ્રષ્ટિએ પણ તે અસરકારક છે. બુમરાહની સૌથી મોટી ક્વોલિટી એ છે કે ૧૪૦ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે બોલ ફેંકવા છતાં તે દિશાહીન નથી થતો. આ કારણોસર તે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમનો નંબર વન બોલર છે.

બોલિંગમાં આ માસ્ટરીને કારણે તે પ્રસિદ્ધિની સાથે ખૂબ પૈસા પણ કમાઈ રહ્યો છે. વિવિધ અહેવાલો અનુસાર, બુમરાહની નેટવર્થ ૨૦૨૩માં આશરે ૫૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. બોલ નવો હોય કે જૂનો, તે બંને દ્વારા વિકેટ ઝડપી લે છે. તે યોર્કર અને સ્લોઅર ફેંકવામાં પણ માહેર છે. સાત વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં 'જસ્સી' ભારતીય ટીમ માટે જરૂરી બની ગયો છે. વિવિધ પ્રકારની બોલિંગ એક્શનને કારણે તે ટૂંકા રનઅપ સાથે બોલને ઝડપ આપવામાં સફળ રહે છે. જોકે, તેના કારણે તેને ઘણી વખત ઈજાઓનો સામનો કરવો પડ્યો છે. દક્ષિણ આફ્રિકાના મહાન ઝડપી બોલર મખાયા એન્ટીનીએ હાલમાં જ બુમરાહના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે જ્યારે જસપ્રીત ટીમ ઈન્ડિયામાં નથી હોતા ત્યારે બોલિંગ યુનિટ પહેલા જેવું નથી રહેતું. એન્ટીનીએ એમ પણ કહ્યું હતું કે, બુમરાહ તેના માથાની ઉપરથી બોલ ફેંકે છે અને તેથી જ તે બોલને અંદર લાવવા માટેનો એંગલ મેળવવામાં સફળ થાય છે. તે એવા બોલ પણ ફેંકે છે જે પિચિંગ પછી સીધા રહે છે.

ખાસ વાત એ છે કે તેની બોલિંગ એક્શન હંમેશા સરખી જ હોય છે. ગુજરાતના અમદાવાદમાં ૬ ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ જન્મેલા જસપ્રિત બુમરાહે ૫ વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા હતા. તેની શિક્ષક માતાએ તેને ઉછેર્યો. તેના પિતાના મૃત્યુ પછીના થોડા વર્ષો જસપ્રીત અને તેની માતા માટે મુશ્કેલીઓથી ભરેલા હતા. આ તે સમય હતો જ્યારે જસપ્રીતને એક જોડી જૂતા ખરીદવા માટે પણ સંઘર્ષ કરવો પડતો હતો. તેમના બાળપણના સંઘર્ષનું વર્ણન કરતાં તેણે કહ્યું, 'અમારે કંઈપણ ખરીદવા માટે સંઘર્ષ કરવો પડતો હતો. મારી પાસે જૂતા અને ટી-શર્ટની એક જ જોડી હતી, તેથી મારે દરરોજ તે ટી-શર્ટ ધોવું પડતું હતું.' ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કોચ જ્હોન રાઈટની નજરમાં બુમરાહનું કૌશલ્ય ઝળક્યું હતું.

## BOLLYWOOD NEWS FLASH

# દીકરીના લગ્ન પહેલાં આમિર ખાને હાથમાં મુકાવી મહેંદી

### ગ્રાન્ડ વેડિંગ પહેલાં બન્ને પરિવાર મળીને અનેક રસમો ઉદેયપુરમાં એન્જોય કરી રહ્યા છે



આમિર ખાનની લાડલી દીકરી ઈરા ખાનના લગ્નના ફંકશન ફૂલ ટૂ જોરશોરમાં ચાલી રહ્યા છે. ગ્રાન્ડ વેડિંગ પહેલાં બન્ને પરિવાર મળીને અનેક રસમો ઉદેયપુરમાં એન્જોય કરી રહ્યા છે. ઈરા ખાન અને નૂપુર શિખરેની સાથે પિતા આમિર ખાન પણ ખૂબ એન્જોય કરી રહ્યા છે. થોડા દિવસો પહેલાં આમિર ખાનનો મુંબઈમાં અતરંગી અવતાર જોવા મળ્યો હતો. આમિરે મહેંદી ફંકશનમાં પહેલાં હાથમાં મહેંદી મુકાવી અને પછી ડાન્સ કરતા જોવા મળ્યો. આ તસવીરો અને વિડીયો સામે આવી રહ્યા છે. હાલમાં સામે આવેલી તસવીરમાં આમિરા ઈરા ખાનની પાસે બેઠો છે અને હાથમાં મહેંદી મુકતો જોવા મળી રહ્યો છે. આમિર ખાને દીકરી ટેટુ જેવી મહેંદી હાથમાં મુકાવી છે અને પછી આને ફ્લોન્ટ કરતા જોવા મળી રહ્યો છે. આ દરમિયાન આમિર ખાન લાઈટ બ્લુ એથનિક આઉટફિટમાં જોવા મળ્યો. આટલું જ નહીં, આમિર ખાને દીકરી માટે દિકરા આઝાદની સાથે ગીત ગાયા પછી સંગીત સેરેમનીમાં મસ્ત ડાન્સ કરીને લોકોને ફિદા કરી દીધા છે. આમિર ખાને આ દરમિયાન ક્રીમ કલરની શેરવાની પહેરી હતી. ઘણાં બધા મિત્રો સાથે પંજાબી ગીત પર ડાન્સ કરતો પણ જોવા મળ્યો. વિડીયોમાં સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે કે દીકરીના લગ્નની એક-એક પળને આમિર ખાન એન્જોય કરી રહ્યો છે. એક પાર્ટી દિલ્હીમાં રાખવામાં આવશે અને બીજી પાર્ટી જયપુરમાં. આ દરમિયાન અનેક બોલિવૂડ સેલેબ્સ હાજરી આપી શકે છે એવુ માનવામાં આવી રહ્યુ છે.લગ્ન પછી ૬ થી ૧૦ જાન્યુઆરીની વચ્ચે આમિર ખાન દીકરી અને જમાઈ માટે બે રિસેપ્શન પાર્ટી હોસ્ટ કરી, જેમાં એક પાર્ટી દિલ્હીમાં રાખવામાં આવી અને બીજી પાર્ટી જયપુરમાં. આ દરમિયાન અનેક બોલિવૂડ સેલેબ્સ હાજરી આપી શકે છે એવુ માનવામાં આવી રહ્યુ છે.

# ફરહાન અખ્તરના ૬ વર્ષ મોટી યુવતી સાથે લગ્ન, ૧૭ વર્ષ બાદ છૂટાછેડા



અભિનય હોય, દિગ્દર્શન હોય કે સિંગિંગ, આ સ્ટારે દરેક ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી છે. એક અભિનેતા તરીકે કારકિર્દી શરૂ કર્યા પછી તેણે દિગ્દર્શન અને ગાયકીના ક્ષેત્રમાં પણ ઘણું નામ કમાવ્યું. આ બહુપ્રતિભાશાળી અભિનેતા બીજું કોઈ નહીં પણ પીઢ લેખક અને પટકથા લેખક જાવેદ અખ્તરના પુત્ર ફરહાન અખ્તર છે. ફરહાન અખ્તરે વર્ષ ૨૦૦૦માં હેર સ્ટાઈલિસ્ટ અધુના ભબાની સાથે લગ્ન કર્યા હતા. આ કપલ ૨૦૦૧માં આવેલી ફિલ્મ 'દિલ ચાહતા હૈ'ના સેટ પર મળ્યા હતા. નિર્દેશક તરીકે ફરહાન અખ્તરની આ પ્રથમ ફિલ્મ હતી અને અધુનાએ પણ આ ફિલ્મથી હેર સ્ટાઈલિશ તરીકે ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મના સેટ પર મળ્યા પછી, કપલે ૩ વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા અને ફિલ્મ 'દિલ ચાહતા હૈ'ની રિલીઝ પહેલા જ બંનેએ લગ્ન કરી લીધા. લગ્ન સમયે ફરહાન અખ્તર ૨૬ વર્ષનો હતો જ્યારે અધુના તેનાથી ૬ વર્ષ મોટી હતી. લગ્ન પછી ફરહાન અખ્તર અને અધુના ભબાની બે પુત્રીઓ - શાક્યા અને અકીરાના માતા-પિતા બન્યા અને આ કપલ વચ્ચે બધું બરાબર ચાલી રહ્યું હતું જ્યારે વર્ષ ૨૦૧૭માં તેમના અલગ થવાના સમાચારે બધાને આશ્ચર્યચકિત કરી દીધા. ફરહાન અખ્તરે પહેલી પત્નીને છૂટાછેડા આપ્યા બાદ વર્ષ ૨૦૨૨માં અભિનેત્રી શિવાની દાંડેકર સાથે બીજી લગ્ન કર્યા હતા. અભિનેતાની બીજી પત્ની શિવાની તેનાથી સાત વર્ષ નાની છે. આ કપલ ૨૦૧૫માં રિયાલિટી શો 'આઈ કેન ડુ ધેટ'ના સેટ પર મળ્યા હતા. ફરહાન રિયાલિટી શોનો હોસ્ટ હતો જ્યારે શિવાની દાંડેકર તે શોમાં ભાગ લઈ રહી હતી. શિવાનીએ પહેલી નજરમાં જ ફરહાનનું દિલ જીતી લીધું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શિવાની સાથેની તેની પ્રથમ મુલાકાત દરમિયાન અભિનેતાએ તેની પ્રથમ પત્ની અધુના સાથે પરિણીત હતો. ફરહાન અખ્તર અને અભિનેત્રી શિવાનીએ વર્ષ ૨૦૨૨માં લગ્ન કર્યા હતા. આ કપલના લગ્નમાં ફરહાનની માતા હની ઈરાની સહિત બોલિવૂડની અનેક હસ્તીઓએ હાજરી આપી હતી.

# લગ્ન પછી પહેલી વાર કામ પર પાછી ફરી શૂરા ખાન



અરબાઝ ખાનની વાઈફ શૂરા ખાન લગ્ન પછી પોતાના કામ પર પાછી ફરી છે. શૂરા ખાનના હાલમાં નવા ફોટા સામે આવ્યા છે. આ ફોટામાં શૂરા ખાન બ્લેક ડ્રેસમાં મસ્ત લાગી રહી છે. શૂરા ખાનની આ તસવીરો સોશિયલ મિડીયામાં આવતાની સાથે છવાઈ ગઈ છે. ટ્રોલર્સે શૂરા ખાનને મજાક બનાવી દીધી છે. લોકોએ શૂરા ખાનની તુલના અરબાઝ ખાનની એક્સ વાઈફ મલાઈકા અરોરા સાથે કરી છે. શૂરા ખાને બ્લેક ડ્રેસ પહેર્યો છે જેમાં એ સુપર કુલ લાગી રહી છે. શુરા ખાનનો આ લુક ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. શુરા ખાનની આ તસવીરો જોઈને ઘણાં લોકોએ વખાણ કર્યા છે તો કોઈએ ટ્રોલ કરી છે. જો કે શુરા ખાન આ તસવીરોમાં એકદમ સિમ્પલ લુકમાં જોવા મળી હતી. પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે શૂરા ખાને વાળ ખુલ્લા રાખ્યા છે. આ હેર સ્ટાઈલને ફેન્સ ખૂબ પસંદ પડી રહ્યા છે. અરબાઝ સાથેના લગ્ન પછી શૂરા ખાન એકદમ લાઈમલાઈટમાં રહે છે. શૂરા ખાનની તસવીરો સામે આવતાની સાથે જ છવાઈ જાય છે. અરબાઝ અને શૌરાની લવ સ્ટોરી 'પટના શુક્લા'ના સેટથી શરૂ થઈ હતી. જ્યારે અરબાઝ શૌરાને પટના શુક્લાના સેટ પર પહેલીવાર મળ્યો હતો, ત્યારે તે તેના પ્રેમમાં પડ્યો હતો. તેઓને ડેટિંગ શરૂ કરવામાં લાંબો સમય થયો ન હતો અને તેઓએ લગ્ન કરવાનું નક્કી કર્યું. પટના શુક્લાને અરબાઝ ખાન પોતે પ્રોડ્યુસ કરી રહ્યો છે. ફિલ્મ વિશે પોતાની ખુશી વ્યક્ત કરતા અરબાઝ ખાને કહ્યું હતું કે 'પટના શુક્લાનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ એક ખૂબ જ રસપ્રદ વાર્તા હશે.

# કર્મા કોલિંગના ટ્રેલર લોન્ચ પર રવીના ટંડને યુનિક ડ્રેસમાં આપ્યા હટકે પોઝ



બોલિવૂડ એક્ટ્રેસ રવીના ટંડનની વેબ સિરીઝ કર્મા કોલિંગ સતત ચર્ચામાં બનેલી રહે છે. આ વેબ સિરીઝનું ૯ જાન્યુઆરીના રોજ ટ્રેલર રિલીઝ કરવામાં આવી છે જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. વેબ સિરીઝ કર્મા કોલિંગના ટ્રેલરના લોન્ચિંગ સમયે રવીના ટંડને યુનિક સ્ટાઈલનો બ્લેક ડ્રેસ પહેર્યો હતો. રવીના ટંડને આ ડ્રેસમાં એકથી એક ચઢિયાતા પોસ્ટ આપ્યા છે. આ તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. કર્મા કોલિંગ એક્ટ્રેસ રવીના ટંડનનો આ ડ્રેસ જોઈને લોકો જાતજાતના રિએક્શન આપી રહ્યા છે. રવીના ટંડને વેબ સિરીઝ કર્મા કોલિંગના ટ્રેલર લોન્ચ દરમિયાન મસ્ત અંદાજમાં હાજરી આપી હતી. રવીના ટંડને બ્લેક કલરના યુનિક ડ્રેસમાં હટકે પોઝ આપીને લોકોને ઘાયલ કરી દીધા હતા. રવીના ટંડન આ લુકમાં સુપર હોટ લાગી રહી છે. રવીના ટંડને પૈપરાઝીને બેક ટૂ બેક પોઝ આપ્યા હતા. રવીનાની આ તસવીરો લોકોને ખૂબ પસંદ પડી રહી છે. રવીના ટંડને પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે ડાર્ક લિપસ્ટિક કરી છે જ્યારે ગળામાં કોઈ પણ પ્રકારની એસેસરીઝ પહેરી નથી. રવીનાની આ તસવીરો વાયરલ થઈ રહી છે.

### રઝા મુરાદે વર્ષ ૨૦૨૧ માં એક નિવેદનમાં પણ કહ્યું હતું કે, મારા જીવનમાં ભગવાન રામનું ખૂબ મહત્વ છે

# અભિનેતા રઝા મુરાદે કહ્યું, રામ મારા નામમાં છે

જાવેદ અખ્તર ભગવાન શ્રી રામની પ્રશંસામાં અગાઉ ઘણું બધુ કહી ચૂક્યા છે અને તેમણે એમ પણ કહ્યું હતું કે તેમને મંદિરના નિર્માણ સામે કોઈ વાંધો નથી. તેઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સન્માન કરે છે અને શ્રી રામને ભારતની ધરોહર માને છે. જાવેદ અખ્તર બાદ હવે ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા રઝા અલી મુરાદે પણ ભગવાન રામ સાથેના તેમના જોડાણનો ખુલાસો કર્યો છે. રઝા મુરાદે કહ્યું હતું કે, 'ભગવાન રામે તેમને હંમેશા આશીર્વાદ આપ્યા છે.' તેમના નામ રઝા અલી મુરાદ વિશે વધુ વિગતવાર જણાવતા, અભિનેતાએ કહ્યું કે તેના નામના ટૂંકાક્ષરી નામ 'ઈછર' સાથે જોડાયેલા છે. તમને જણાવી દઈએ કે તેમ છતાં તેમનું પૂરું નામ રઝા અલી મુરાદ છે, જો તમે નામના પહેલા ત્રણ અક્ષરને મિક્સ કરો તો તે રામ બની જાય છે. આ જ કારણ છે કે તેઓ પોતાને શ્રી રામ સાથે જોડાયેલા માને છે. રઝા મુરાદ કહે છે કે તેમના જીવનમાં શ્રી રામનો ઘણો પ્રભાવ છે. તેમના વતનનાં જિલ્લાનું નામ પણ શ્રી રામના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેનું નામ રામપુર છે. તેની પહેલી હિટ ફિલ્મ પણ રામના નામે છે. જાણીતું છે કે ૧૪ વર્ષ સુધી સખત મહેનત કર્યા પછી, તેઓને રામ તેરી ગંગા મૈલી ફિલ્મમાં બ્રેક મળ્યો, જેમાં તેઓની ભૂમિકા આજે પણ લોકો પસંદ કરે છે. પીઢ અભિનેતાએ વર્ષ ૨૦૨૧ માં એક નિવેદનમાં પણ કહ્યું હતું કે, 'મારા જીવનમાં ભગવાન રામનું ખૂબ મહત્વ છે, તેમની કૃપાથી જ હું આજે આ જગ્યા પર પહોંચ્યો છું. હું રામનગર પહોંચીને ખૂબ જ ખુશ છું, કારણ કે આ શહેરનું નામ પણ શ્રી રામના નામ પરથી રાખવામાં આવ્યું છે. ઉત્તરાખંડ સ્થિત હનુમાન મંદિર પરિસરમાં એક દુકાનનું ઉદ્ઘાટન કરવા પહોંચેલા ત્યારે તેમણે આ વાત કહી હતી.

નર્મદા જિલ્લામાં આગામી ૧૫મી જાન્યુઆરીએ પ્રધાનમંત્રી જનમન કાર્યક્રમ ઝરણાવાડી ખાતે

# આદિમ જૂથના લાભાર્થીઓ માટે યોજાશે: વિવિધ વિભાગોની કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓના લાભ હાથો હાથ અપાશે




। (માહિતી) નર્મદા, તા.૧૧ ।

સમગ્ર દેશમાં આદિમ જૂથના લોકો સાથે ખાસ કરીને નબળા આદિમ જૂથના કોટવાળીયા-કાથોડી લોકો કેન્દ્ર-રાજ્ય સરકારની મહત્વની મૂળભૂત યોજનાઓનો લાભ મળે તે માટે અને લાભથી વંચિત રહી ગયેલા છેવાડાના માનવીને મુખ્ય ધારામાં લાવવાના બહુઆયામી અભિયાન પ્રધાનમંત્રી જનમન કાર્યક્રમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આગામી ૧૫મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ દેશના વિવિધ રાજ્યો અને જિલ્લા, તાલુકા કક્ષાએ આ સંવાદ કાર્યક્રમના માધ્યમથી નબળા વર્ગના લોકોને સંતૃપ્તિ કરવા માટે ના મહા અભિયાન હેઠળ શિક્ષણ, આરોગ્ય, રોડ રસ્તા,અન્ન યોજના, પીવાનું પાણી, પીએમ આવાસ યોજના,પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, કિસાન સન્માન નિધિ યોજના, આયુષ્યમાન કાર્ડ, વીજળી, આધાર કાર્ડ, રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, જાતિના દાખલા, વિવિધ યોજનાઓના લાભોના હુકમ પત્રો અને સરકાર દ્વારા કરવામાં આવતા નક્કર પ્રયત્નો અને સંવેદના સાથે જન સુખાકારી માટે પીવીટીજી અંતર્ગત સાગબારા-ડેડિયાપાડા તાલુકાના ૫૨ ગામોમાં વહિવટીતંત્રના વિવિધ વિભાગો દ્વારા સતત સર્વે કેમ્પ અને સ્થળ મુલાકાત સહિત રૂબરુ લાભાર્થીને કર્મયોગીઓ મળીને લાભથી વંચિત લોકોને શોધી કાઢવામાં આવ્યા છે. જેને ઘર આંગણેજ યોજનાકીય લાભ પહોંચે તે માટે આગામી ૧૫ મી જાન્યુઆરીએ દેડિયાપાડાના ઝરણાવાણી ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે. તેના ભાગરૂપે આજે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રીમતિ શ્વેતા તેવતિયાના અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડમાં ૪.૦૦ કલાકે બેઠક મળી હતી, જેમાં સમગ્ર કાર્યક્રમની વ્યૂહરચના અને આયોજન અમલવારી અંગે વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી.

કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગના પ્રસાર-પ્રચાર માટે જાગૃતિ લાવવા સ્ટોલ તેમજ જે તે વિભાગના લાભો આદિમ જૂથને આપવા તથા મંજૂરી પત્રો આપીને સુનિશ્ચિત કરવાનું રહેશે અને કોઈ બાકી રહી ગયા હોય તો ત્વરિત લાભ આપવા, નોંધણી કરવી અને કાર્યક્રમ અગાઉ જે કંઈ આધાર પુરાવા કે ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ, આયુષ્યમાન કાર્ડ કાઢીને તેમને માનવતાના ધોરણે તે દિવસે આપવાના રહેશે. કાર્યક્રમના આયોજન માટે લોકોને પાણી, નાસ્તો, ભોજન તેમજ આરોગ્ય સેવા પ્રદાન કરવા અંગેની સૂચના અપાઈ હતી. એલ.ઈ.ડી લાઈટ, મંડપ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ અને લાભાર્થીને લાવવા અને બેસવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે જણાવ્યું હતું.

# પતંગો ઉડાડવા માટે અનેરો થનગનાટ ધરાવતા નેધરલેન્ડનાં ૬૪ વર્ષના સિસ્કા થિયુનીસેન યુવાપેઢી માટે પ્રેરણારૂપ

। (માહિતી) રાજકોટ, તા.૧૧ ।

નેધરલેન્ડથી રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આવેલ સિસ્કા થિયુનીસેન જણાવે છે કે, તેઓ વિવિધ ડિઝાઈનના પતંગો જાતે બનાવે છે અને મોટા કદના તેમજ વિવિધ પ્રકારના ૧,૨,૪ દોરીઓથી સંચાલિત પતંગો બનાવીને ઊડાડે છે. યુવાવસ્થાથી જ પતંગ ઉડાડવાનો શોખ ધરાવતા મેડમ સિસ્કા ફાર્માસ્યુટીકલ સ્ટોરમાં કાર્ય કરતા અને હાલ નિવૃત્ત છે અને તેમના પતિ પીટર સાથે અહીં પતંગ ઉડાડવા પધાર્યા છે. તેઓ ૬૪ વર્ષની ઉંમર ધરાવે છે અને રજાઓમાં તેમની ત્રણ પુત્રીઓ અને પૌત્ર પુત્રીઓ સાથે પણ પતંગ ઉડાડવાનું પસંદ કરે છે. પતંગો ઉડાડવા માટે તેઓ અનેરો થનગનાટ ધરાવે છે અને થાક ભુલીને ખુબ આનંદ માણે છે. તેઓ રાજકોટ પતંગોત્સવમાં પોતાના નામ અંકિત કરેલ ટી શર્ટ અને વિશ્વના



વિવિધ જગ્યાઓના બટન સાથેની ખાસ ટોપી પહેરી પતંગ ઉડાવતાનો આનંદ લેતા જોવા મળ્યા હતાં. તેમના જણાવ્યા મુજબ ભારતના લોકો ખુબ માયાળુ અને નિઃસ્વાર્થ વૃત્તિના છે. તેમણે પતંગોત્સવ ઉજવવા માટે રાજ્ય સરકાર અને ગુજરાત ટુરીઝમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ‘૧૫મા આદિવાસી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ’ અંતર્ગત આદિવાસી યુવાઓએ ઔદ્યોગિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી

। (માહિતી) સુરત, તા.૧૧ ।

કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલયના ઉપક્રમે તા.૪ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન આયોજિત ૧૫મા આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ અંતર્ગત આદિવાસી યુવાઓએ ઔદ્યોગિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. ઝારખાંડ, ઓડિશા, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના આદિવાસી યુવાઓએ સુરત પોલીસ કમિશનર સાથે મુલાકાત, પોલીસ હેડક્વાર્ટરમાં શસ્ત્ર અને અશ્વનિદર્શન, ડોગ સ્કવોડથી માહિતગાર થયા હતા. ઉપરાંત, સુમુલ ડેરીમાં દૂધનું પ્રોસેસિંગ, દૂધની આઈટમો, બેકરી પ્રોડક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ યુવાઓને સુરત શહેરનો વિકાસ, કાયદો અને ન્યાય વ્યવસ્થા વિષે જણાવી યુવાઓ નક્સલવાદના ઓછાયાથી બહાર આવીને પોતાનો સર્વાંગી વિકાસ સાધે એ માટે માર્ગદર્શન આપ્યું હતું.

અડાજણના પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે ગુજરાતની સંસ્કૃતિની ઝલક બતાવી ગરબા કાર્યક્રમમાં આદિવાસી યુવાઓને ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખવાડી ગરબે રમાડવામાં આવ્યા હતા.

## અમદાવાદ શહેરના વિંઝોલ વિસ્તારમાં બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તેમજ ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ટીમ દ્વારા અમદાવાદ શહેરના વિંઝોલ વિસ્તારમાં બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાગૃતિ કાર્યક્રમમાં સાયબર સલામતી, આરોગ્ય અને પોષણ જેવા વિષયો પર માહિતી આપવામાં આવી હતી. કેન્દ્ર તેમજ રાજય સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી હાજર બહેનોને આપવામાં આવી હતી. આ ઉપરાંત, ગુજરાત સરકારની વહાલી દીકરી યોજના અંતર્ગત દીકરીઓને દીકરી વધામણાં કીટ આપી વધાવવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી શ્રી વૃત્તિકા વેગડા, એડવો-કેટ દીપ્તિબેન પટેલ, FFWBના માસ્ટર ટ્રેનર સવીતાબહેન ડાંગી તેમજ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી, સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટ્રેસી શ્રી હેમલ બારોટ હાજર રહ્યાં હતાં.

## યુવાપેઢીએ પતંગનો શોખ કેળવવો જોઇએ લાંબો સમય ફોનથી દુર રહીને પણ પતંગ ઉડાડવાથી આનંદ માણી શકાય છે : વરુણ ચટ્ટા

। રાજકોટ, તા.૧૧ ।

ચંદીગઢ, પંજાબના શ્રી વરુણ ચટ્ઠા બાળપણથી જ અગાસી પર પતંગ ઉડાડવાનો શોખ ધરાવતા હતાં. હાલ તેઓ ૪૭ વર્ષના છે અને તેમણે ચાઈના, ઈન્ડોનેશિયા સહિત ભારતમાં યોજવામાં આવેલ ગોવા, વૃંદાવન તેમજ અનેક સ્થળોએ પતંગ મહોત્સવમાં ભાગ લીધો છે. શ્રી વરૂણ ચટ્ઠા તેમના પત્ની અને પિતા સાથે છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લે છે. તેઓ જણાવે છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં આવા સરસ કાર્યક્રમ વિવિધ સંસ્કૃતિઓને જોડવાનું કામ કરે છે અને વિશ્વ શાંતિનો સંદેશ પ્રસરાવે છે. આ મહોત્સવ આજની પેઢીને અસરકારક સંદેશ આપે છે, લાંબો સમય ફોનથી દુર રહીને પણ પતંગ ઉડાડવાથી આનંદ માણી શકાય છે. યુવા પેઢીને મોબાઈલ અને ગેમિંગની સામે પતંગ ઉડવવા એ ખુબ સારો વિકલ્પ છે. યુવાપેઢીએ પતંગનો શોખ કેળવવો જોઈએ. પતંગ ઉડાડવાની કલા કે શોખ એ મોબાઈલથી દૂર અને સંસ્કૃતિથી નજીક લઈ જનાર છે. ઉત્તરાયણ વિવિધ રંગો અને આકાશ સાથે જોડતો અને ભાઈચારો લાવતો ઉત્સવ છે.

## ઝાલોદ પોલિસ દ્વારા આકસ્મિક ચેકિંગ દરમ્યાન બે દુકાનોમાંથી ચાઇનીઝ દોરા ઝડપાયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઉતરાયણ પર્વને લઈ સમગ્ર ગુજરાતમાં ચાઈનીઝ દોરો ખરીદવો અને વેચવો ગુના પાત્ર છે તેનું કડક અમલ કરવાના આશયથી ઝાલોદ પોલિસ દ્વારા બાતમીને આધારે ચેકિંગ હાથ ધર્યું હતું. ઉતરાયણ પર્વને લઈ વધુ કમાવવાની લાલચે અમુક વ્યાપારીઓ ચાઈનીઝ દોરા અને તુક્કલનુ વેચાણ કરતા હોય છે જે પશુ પક્ષી અને માનવજાત માટે હાનિકારક છે. ચાઈનીઝ દોરીના લપેટમા આવી કેટલાય પશુ પક્ષી અને માનવ જાત લપેટમાં આવી ઈજા પામે છે અને અમુક વિસ્તારોમાં મૃત્યુ બનવાની ઘટના પણ બનેલ છે.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકની કડક સૂચનાનું પાલન કરતા ઝાલોદ નગરમાં ચાઈનીઝ દોરીનું વેચાણ ન થાય તેમજ વ્યાપારીઓ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ન વેચે તે માટે ઝાલોદ નગરના ડી.વાય. એસ.પી પટેલના માર્ગ દર્શન હેઠળ નગરના પી.એસ.આઈ માળી દ્વારા કડક હાથે ચેકિંગ હાથ ધરેલ હતું. તે અન્વયે બાતમીને આધારે નગરના બે વ્યાપારીઓ પાસેથી ચાઈનીઝ ફિરકા નંગ ૧૬ જેની કિમત આસરે ૪૮૦૦ રૂપિયાનો માલ જપ્ત કરવામાં આવેલ છે. અને ચાઈનીઝ દોરી વેચતા વ્યાપારીઓ પર કાયદેસરની કાર્યવાહી પણ ઝાલોદ પોલિસ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

ઝાલોદ તાલુકાના પેથાપુર ગામ ખાતે

# મંત્રી એ.નારાયણસ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે સરકારે અનેકવિધ જન કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી : મંત્રી એ. નારાયણસ્વામી




। ઝાલોદ, તા.૧૧ ।

છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવાના ઉદ્દેશસહ ગામેગામ ફરી રહેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ઝાલોદ તાલુકાના પેથાપુર ગામ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના રાજયમંત્રી એ.નારાયણસ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં આવી પહોંચી હતી. સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતના નિર્માણની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રી એ.નારાયણસ્વામીએ જણાવ્યું હતું કે, આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે સરકારે અનેકવિધ જન કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. સંકલ્પ યાત્રાનો રથ ગામે ગામ ફરીને નાનામાં નાના માણસોને કેન્દ્ર અને રાજ્ય સરકારની બહુવિધ યોજનાઓના લાભો આપી રહ્યો છે. જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરી લોકોનું જીવનધોરણ સુધારવાનો વિકસિત ભારત યાત્રાનો મુખ્ય ઉદ્દેશ છે. આ પ્રસંગે મંત્રીએ શિક્ષણ, ખેતી, આરોગ્ય જેવા વિવિધ વિભાગોમાં કાર્યરત યોજનાઓનો મહત્તમ લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કરતા વધુમાં વિવિધ યોજનાઓ અને તેના લાભોની જાણકારી આપી હતી. ગામડાઓ-ગરીબ મધ્યમવર્ગી છેવાડાના વિસ્તારોના સર્વાંગી વિકાસની નેમ સાથે ૨૨ જેટલી આદિજાતિ યોજનાઓના લાભો આપવાની ઝુંબેશ ચલાવવામાં આવી છે. અને વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટે સજ્જ બની યોગદાન આપવાનું તેમણે આહ્વાન કર્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું કે, આયુષ્માન કાર્ડ થકી ૧૦ લાખ સુધીની કેશલેસ આરોગ્ય સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવી છે. સરકાર દ્વારા આદિવાસી દિકરા-દીકરીઓને વિદેશ અભ્યાસ માટે લોન સહાય, ડોકટર બનવા માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. આ અવસરે દાહોદ સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરે લોકોના હિત માટે અમલી બનાવેલી કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી. જ્યારે દેશના ગામડાઓ વિકસિત બનશે ત્યારે જ દેશ વિકસિત બનશે. સરકાર દ્વારા છેવાડાના માનવીને ઘર આંગણે જઈ લાભો આપવામાં આવી રહ્યા છે અને પાત્રતા ધરાવતા તમામને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા મકાન આપવા સરકાર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા એ સરકારની લોક કલ્યાણકારી યોજનાઓથી લોકોને માહિતગાર કર્યા હતા અને કલેકટર ડો હર્ષિત ગોસાવીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

નહેરુ યુવા કેન્દ્ર પોરબંદર દ્વારા

# માય ભારત વિકસિત ભારત @2047 અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી



। (માહિતી બ્યુરો) પોરબંદર, તા.૧૧ ।

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર હેઠળ કાર્યરત નહેરુ યુવા કેન્દ્ર પોરબંદર દ્વારા આજે તા. ૧૦ જાન્યુઆરીના રોજ માધવાણી કોલેજ ખાતે જિલ્લા સ્તરીય ભાષણ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભાષણ પ્રતિયોગિતાનો વિષય માય ભારત વિકસિત ભારત @૨૦૪૭ રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના નિર્ણાયક મંડળના સદસ્ય તરીકે માધવાણી કોલેજના પ્રાધ્યાપક ડોક્ટર સ્નેહલ જોશી, યાજ્ઞવલ્ક્ય સ્કૂલના આચાર્ય શ્રીમતી નીરજા અગ્રવાલ અને પોરબંદર જિલ્લાના માહિતી ખાતામાં ફરજ બજાવતા શ્રી જીતેન્દ્ર નિમાવત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી કે એચ માધવાણી કોલેજના આચાર્યશ્રી જે એસ રામદત્તી, પ્રો.આર વી કેશવાલા, પ્રો.લાખી ઓડેદરા અને પ્રો.લલિતા ભૂત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભાષણ પ્રતિયોગિતામાં દેશના વિકાસને લઈને વિવિધ પ્રકારના વિચારો વ્યક્ત કરાયાં હતાં. આ ભાષણ પ્રતિયોગીતામાં પ્રથમ સ્થાન મોઢવાડિયા વિપુલ, દ્વિતીય સ્થાન ક્રિષ્ના પુરોહિત અને દ્વિતીય સ્થાન સતી એમ હુસેનને મળ્યો હતો. વિજેતાઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ પોરબંદર જિલ્લાના નહેરુ યુવા કેન્દ્રમાં ફરજ બજાવતા જિલ્લા યુવા અધિકારી મેઘા સનવાલના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બ્લ્ડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજી પૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**ન્યૂઝ બ્રિફ**

## ન્યૂયોર્કમાં હજારો ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને સ્કૂલમાં ઠુંસી દેવાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની સમસ્યા ધીમે ધીમે વિકટ બનતી જાય છે. ન્યૂયોર્ક શહેરમાં તો ઈમિગ્રન્ટ્સને ક્યાં સાચવવા તેવો સવાલ પેદા થયો છે જેના કારણે સરકારે કેટલીક શાળાઓના જિમમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને ઉતારો આપી દીધો છે. પરિણામે સ્થિતિ એવી સર્જાઈ છે કે શાળાઓમાં રજા જાહેર કરી દેવાઈ છે. શાળાની બસો પણ ઈમિગ્રન્ટ્સની હેરાફેરી માટે ફાળવી દેવાઈ છે. ઈમિગ્રન્ટ્સના કારણે સ્થાનિક લોકોને તકલીફ પડતી હોવાથી ભારે રોષ ફેલાયો છે અને સોશિયલ મીડિયા પર લોકો સરકારને ભાંડી રહ્યા છે. ન્યૂયોર્ક શહેરમાં ઈલિગલ ઈમિગ્રન્ટ્સને સાચવવા માટે ક્યાંય જગ્યા નથી અને ઠંડી પણ વધતી જાય છે. તેના કારણે સ્કૂલની બસોમાં ઈમિગ્રન્ટ્સને ભરી ભરીને શાળાઓમાં લઈ જવાય છે અને જિમમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેના કારણે શાળામાં રજા આપી દેવાઈ છે. બાળકોનો લેપટોપ દ્વારા ઓનલાઈન ભણવા જણાવી દેવાયું છે. સ્થાનિક લોકોની ફરિયાદ છે કે ટેક્સ પેયર્સના રૂપિયાને સરકાર ઈમિગ્રન્ટ્સ પાછળ ઉડાવી રહી છે અને લિગલ નાગરિકોને મળતી સુવિધા ઘટતી જાય છે. અત્યાર સુધી ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને ન્યૂયોર્કમાં એર એરફિલ્ડ નજીક કામચલાઉ શેલ્ટરમાં આશરો અપાયો હતો. પરંતુ ઠંડીના પવન ફુંકાવાથી લગભગ ૨૦૦૦ લોકોને ત્યાંથી શિફ્ટ કરીને હાઈસ્કૂલના જીમમાં રાખવામાં આવ્યા છે. મિડિયા રિપોર્ટ પ્રમાણે ઠંડીનું જોર વધી રહ્યું છે અને ૭૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેમ છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજમેર શરીફ દરગાહ ખાતે ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીના ઉર્સ પર ચઢાવવામાં આવનારી ચાદર અર્પણ કરી હતી.

### ઈઝરાયેલી સેનાનો ગાઝા પર બોમ્બમારો યથાવત

## હમાસ-ઈઝરાયેલ યુદ્ધ બાદના પ્રસ્તાવ પર પાંચ દેશ સંમત

### ઈઝરાયેલના ફરીથી શરણાર્થી કેમ્પર હુમલામાં ૫૭નાં મોત, અમેરિકાના વિદેશ મંત્રી ચોથીવાર ઈઝરાયેલ પહોંચ્યા

। (એજન્સી) તેલઅવિવ, તા.૧૧ ।

ઈઝરાયલી સૈન્ય દ્વારા ગાઝા પર ભીષણ બોમ્બમારો યથાવત્ રહ્યો હતો. અરબ દેશોનો મેસેજ લઈને ઈઝરાયલ આવેલા અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકને ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે પણ મુલાકાત કરી હતી. તે ગાઝા યુદ્ધ પછીના ભવિષ્યની યોજના બનાવી રહ્યા છે. જ્યારે ઈઝરાયલી સૈન્ય સંકટગ્રસ્ત ક્ષેત્રમાં આક્રમક રીતે આગળ વધી રહી છે. ઈઝરાયલના ભીષણા બોમ્બમારામાં ફરી એકવાર શરણાર્થી કેમ્પોને નિશાન બનાવવામાં આવ્યા હતા. પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે છેલ્લાં ૨૪ કલાકમાં ગાઝામાં ૫૭ જેટલાં પેલેસ્ટિનીઓ જીવ ગુમાવી ચૂક્યા છે. તેમને પોતાના માટે સુરક્ષિત સ્થાન જ મળી રહ્યા નથી. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રની ટીમે ઈઝરાયલ પર પીડિતોને મદદ કરવામાં અવરોધ પેદા કરવાનો આરોપ મૂક્યો હતો. ગાઝા યુદ્ધ શરૂ થયા બાદથી અમેરિકાના વિદેશ મંત્રી બ્લિંકન ચોથી વખત ઈઝરાયેલ પહોંચ્યા હતા.

### વોટ્સએપ પર મેસેજ આવે તો થઈ જાવ સાવધાન

## રામ મંદિરમાં દર્શન માટે VIP એન્ટ્રીના નામે છેતરપિંડી શરૂ થઈ

### ૨૨મી જાન્યુઆરી એ ખૂબ જ ખાસ દિવસ છે અને છેતરપિંડી કરનારાઓ આ દિવસે લોકોને VIP દર્શન કરાવવાની લાલચ આપી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અયોધ્યામાં રામ મંદિરની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે, જ્યાં એક તરફ રામ ભક્તો દર્શન કરવા માટે આતુર છે, તો બીજી તરફ છેતરપિંડી કરનારાઓ પણ આ તકનો લાભ લેવામાં વ્યસ્ત છે. લોકોને વોટ્સએપ પર અજાણ્યા નંબરો પરથી મેસેજ આવી રહ્યા છે જેમાં તેમને રામલલ્લાના VIP દર્શન કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. ૨૨મી જાન્યુઆરી એ ખૂબ જ ખાસ દિવસ છે અને છેતરપિંડી કરનારાઓ આ દિવસે લોકોને VIP દર્શન કરાવવાની લાલચ આપી રહ્યા છે. વોટ્સએપ પર ત્રણ મેસેજ આવી રહ્યા છે, પ્રથમ મેસેજમાં રામ જન્મભૂમિ ગૃહસંપર્ક અભિયાન એપીકે દેખાય છે. અહીં ધ્યાન રાખવા જેવી વાત એ છે કે આ કોઈ મેસેજ નથી પણ એક એપીકે ફાઈલ છે, ભૂલથી પણ આ ફાઈલ પર ક્લિક કરવાની ભૂલ ન કરો. બીજા મેસેજમાં તમને લખેલું દેખાશે, VIP એક્સેસ મેળવવા માટે રામ જન્મભૂમિ ગૃહ સંપર્ક અભિયાન ઈન્સ્ટોલ કરો.

## રાષ્ટ્રપતિએ સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો એનાયત કર્યા




। નવી દિલ્હી, તા.૧૧ ।

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ નવી દિલ્હીમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો એનાયત કર્યા હતા. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, વ્યાપક ભાગીદારી સાથે આયોજિત સ્વચ્છ સર્વેક્ષણ સ્વચ્છતાનું સ્તર વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે 'સમૃદ્ધિ માટે સ્વચ્છતા'નાં માર્ગે આગળ વધવા બદલ તમામની પ્રશંસા કરી હતી. તેમને એ જાણીને આનંદ થયો હતો કે, સ્વચ્છતા અભિયાનો મહિલાઓની આર્થિક સ્વનિર્ભરતા માટે તકોનું સર્જન કરી રહ્યાં છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણા સફાઈ મિત્રો આપણા સ્વચ્છતા અભિયાનના ફ્રન્ટલાઈન સૈનિકો રહ્યા છે. તેમને એ જાણીને આનંદ થયો હતો કે સફાઈ મિત્રોની સુરક્ષા, ગરિમા અને કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે યાંત્રિક સફાઇ દ્વારા મેનહોલને દૂર કરીને અને મશીન-હોલ દ્વારા સ્વચ્છતાના લક્ષ્યને પ્રાપ્ત કરીને જ આપણે સંવેદનશીલ સમાજ તરીકેની આપણી સાચી ઓળખ સ્થાપિત કરી શકીશું.

રાષ્ટ્રપતિને એ જાણીને આનંદ થયો કે સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કામાં કચરાના વ્યવસ્થાપનમાં પરિપત્રતા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે પરિપત્ર અર્થતંત્રની વધુને વધુ માલના રિસાયક્લિંગ અને ફરીથી ઉપયોગની પદ્ધતિઓ ટકાઉ વિકાસ માટે મદદરૂપ સાબિત થઈ રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આવી સિસ્ટમ વેસ્ટ મેનેજમેન્ટના ક્ષેત્રમાં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જો આપણે કચરામાંથી મૂલ્યની વિભાવનાને ઊંડાણપૂર્વક ધ્યાનમાં લઈએ, તો તે સ્પષ્ટ થઈ જાય છે કે બધું મૂલ્યવાન છે, કંઈપણ બગાડ નથી. આ સાકલ્યવાદી અને પ્રગતિશીલ વિચારસરણી લીલા કચરામાંથી બાયોગેસ બનાવવા અને નકારાયેલા બળતણમાંથી વીજળી ઉત્પન્ન કરવા પાછળ કામ કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણી લગભગ એક તૃતીયાંશ વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે. શહેરો અને નગરોની સ્વચ્છતા તેમના સ્વાસ્થ્ય અને વિકાસ માટે જરૂરી છે.

### નાસિક ૨૭માં નેશનલ યુથ ફેસ્ટિવલ માટે તૈયાર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭માં નેશનલ યુથ ફેસ્ટિવલનું ઉદઘાટન કરશે

નાસિકમાં યુથ એક્સ્પો, મિલેટ્સ ફેસ્ટિવલ, ફોક મ્યુઝિક સાથે નેશનલ યુથ ફેસ્ટિવલની ઉજવણી કરવામાંઆવશે. તેની સાંસ્કૃતિક સમૃદ્ધિ અને ઐતિહાસિક મહત્વ માટે પ્રખ્યાત શહેર નાસિક, ૨૭માં નેશનલ યુથ ફેસ્ટિવલ નું આયોજન કરવા માટે તૈયાર છે. પાંચ દિવસીય નેશનલ યુથ ફેસ્ટિવલ નું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૨ જાન્યુઆરીએ તપોવન ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે. યુવા બાબતોના મંત્રાલય, ભારત સરકાર, રમતગમત, નેહરુ યુવા કેન્દ્ર સંગઠન અને રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સહયોગથી આયોજિત ૨૭મો નેશનલ યુથ ફેસ્ટિવલ ૧૨ જાન્યુઆરીથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન નાસિક શહેરમાં વિવિધ સ્થળોએ યોજાશે. નેશનલ યુથ ફેસ્ટિવલનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના વિવિધ રાજ્યોમાંથી આવતા તમામ યુવાનોને એકસાથે લાવવાનો અને સાંસ્કૃતિક વિવિધતા, કૌશલ્ય વિકાસ અને સામૂહિકતાને એક મંચ પર રજૂ કરવાનો છે. ૧૨ જાન્યુઆરીએ, સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે, ૨૭માં નેશનલ યુથ ફેસ્ટિવલ નું ઉદઘાટન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કરશે. આ




પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી અને રાજ્યના અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. યુવાનો એ દેશની સંપત્તિ છે. દેશના પ્રતિભાશાળી યુવાનો અહીં આવશે અને તેમની પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કરશે. આ કાર્યક્રમ દ્વારા યુવાનોને અભિવ્યક્તિ માટે રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ પ્લેટફોર્મ તેમની પ્રતિભાને નિખારવામાં મદદરૂપ થશે. આ કાર્યક્રમમાં દેશની એકતામાં વિવિધતા, કલા અને સંસ્કૃતિની ફિલોસોફીના વિવિધ કાર્યક્રમો જેવા કે મહારાષ્ટ્ર યુથ એક્સ્પો, મિલેટ્સ ફેસ્ટિવલ, લોક સંગીત, પોસ્ટર મેકિંગ, સ્ટોરી રાઈટિંગ, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ અને અન્ય ઘણા કાર્યક્રમો દ્વારા જોવા મળશે.

## નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ સિંધિયાએ અયોધ્યાથી અમદાવાદની ફ્લાઈટને લીલી ઝંડી આપી

। નવી દિલ્હી, તા.૧૧ ।

નાગરિક ઉડ્ડયન અને સ્ટીલ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ સિંધિયાએ આજે નવી દિલ્હીથી અયોધ્યા અને અમદાવાદ વચ્ચેની સીધી ફ્લાઈટનું ઉદઘાટન કર્યું હતું. આ ઉદ્‌ઘાટન સાથે અયોધ્યાને અમદાવાદથી અઠવાડિયામાં ત્રણ સીધી ફ્લાઈટ મળે છે.




આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ઉત્તર પ્રદેશ શ્રી યોગી આદિત્યનાથ, પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રી, ઉત્તર પ્રદેશના પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રી શ્રી જયવીરસિંહ, અયોધ્યાના સાંસદ શ્રી જયવીરસિંહ, શ્રી લલ્લુસિંહ અને અમદાવાદના સાંસદ ડો.કિરીટ પ્રેમજીભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. નાગરિક ઉડ્ડયન અને સ્ટીલ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ તેમના ઉદઘાટન સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "અયોધ્યાથી અમદાવાદની સીધી ફ્લાઈટ બંને શહેરો વચ્ચે હવાઈ જોડાણને વધુ વેગ આપશે. કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, બંને શહેરો સાચા અર્થમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું હતું કે, એક તરફ અમદાવાદ ભારતની આર્થિક તાકાતનું પ્રતીક છે, તો બીજી તરફ અયોધ્યા ભારતની આધ્યાત્મિક અને સભ્યતાની કુશળતાનું પ્રતિનિધિત્વ કરે છે. બંને શહેરો વચ્ચે હવાઈ જોડાણ આર્થિક વૃદ્ધિમાં પ્રદાન કરશે, પ્રવાસ અને પ્રવાસનને વિકસાવવામાં પણ મદદ કરશે." તેમણે અયોધ્યા એરપોર્ટનાં નિર્માણ માટે જરૂરી જમીન ૨૦ મહિનાનાં વિક્રમી સમયમાં ફાળવવામાં સાથસહકાર આપવા બદલ ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથનો આભાર પણ માન્યો હતો. મંત્રીએ એ બાબતનો પણ પુનરોચ્ચાર કર્યો હતો કે, આ એરપોર્ટ એ પ્રધાનમંત્રીનાં એ વિચારને પૂર્ણ કરે છે કે, એરપોર્ટ એ માત્ર 'એરપોર્ટ' જ નથી, પણ આ વિસ્તારનાં લોકાચાર, સંસ્કૃતિ અને ઈતિહાસનું પ્રવેશદ્વાર પણ છે. મહર્ષિ વાલ્મીકિ આંતરરાષ્ટ્રીય હવાઈમથકના માળખાનું બાહ્ય માળખું રામ મંદિરથી પ્રેરિત છે અને સુંદર ચિત્રો અને કલાકૃતિઓના માધ્યમથી જે અંતિમ ઈમારત બનાવવામાં આવી છે તેમાં ભગવાન રામની જીવનયાત્રાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. છેલ્લાં ૯ વર્ષમાં ઉત્તરપ્રદેશમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રનાં વિકાસ વિશે વાત કરતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં વર્ષ ૨૦૧૪માં ફક્ત ૬ એરપોર્ટ હતાં અને અત્યારે રાજ્યમાં ૧૦ એરપોર્ટ છે, જેમાં અયોધ્યામાં નવા ઉદ્‌ઘાટન થયેલા એરપોર્ટનો પણ સમાવેશ થાય છે. આગામી મહિના સુધીમાં યુપીમાં વધુ ૫ એરપોર્ટ હશે, જેમાં આઝમગઢ, અલીગઢ, મુરાદાબાદ, શ્રાવસ્તી અને ચિત્રકૂટમાં એક-એક એરપોર્ટ હશે. આ સિવાય જેવરમાં ૨૦૨૪ના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ તૈયાર થઈ જશે. એકંદરે, ભવિષ્યમાં યુપીમાં ૧૯ એરપોર્ટ હશે. મંત્રીએ એમ પણ ઉમેર્યું હતું કે, હાલમાં મહર્ષિ વાલ્મીકિ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૬૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે.

**વિશેષ** ભારત ઉદ્યોગ ૪.૦નો ઉપયોગ કરવા માટે દ્રઢપણે અગ્રેસર છે, જે ઉદ્યોગ અને નવીનતાની દુનિયામાં ફેલાયેલી છે : ધર્મેન્દ્ર પ્રધાન

# ધર્મેન્દ્ર પ્રધાને ગાંધીનગરમાં ભવિષ્ય માટે કાર્યબળનું નિર્માણ: કૌશલ્યનો વિકાસ ફોર ઇન્ડસ્ટ્રી ૪.૦ પર ઉદઘાટન સત્રમાં હાજરી આપી

### વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નાં લક્ષ્યાંકને સાકાર કરવા માટે દરેકે, ખાસ કરીને યુવાનોએ પોતાનું યોગદાન આપવું પડશે : ધર્મેન્દ્ર પ્રધાન

કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪માં ભવિષ્ય માટે કાર્યબળ નિર્માણ કાર્યબળ: ઉદ્યોગ માટે કૌશલ્યનો વિકાસ ૪.૦ પરનાં ઉદઘાટન સત્રમાં હાજરી આપી હતી. આ અધિવેશનમાં ઉદ્યોગજગતના અગ્રણીઓ, ઉદ્યોગ સાહસિકો, ગુજરાત સરકારના અધિકારીઓ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બોલતા શ્રી પ્રધાને ઉલ્લેખ કર્યો હતો કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ નક્કી કરવા માટે દેશની વિકાસલક્ષી સફરને પ્રતિબિંબિત કરવા માટેનું એક ઉત્તમ પ્લેટફોર્મ છે. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલને આદર આપતા શ્રી પ્રધાને ગ્લોબલ હાઈ ટેબલ પર દેશનું સ્થાન વધારવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો હતો તે પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ, વિકાસનું



ગુજરાત મોડેલ વિકસિત ભારત @૨૦૪૭ના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે રાજ્યોના કૌશલ્યપૂર્ણ પ્રયત્નો માટે માર્ગદર્શક બન્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, શિક્ષણ અને કૌશલ્ય ઈકોસિસ્ટમમાં એનઈપીની આગેવાની હેઠળની સમન્વય દેશની યુવા શક્તિને ભવિષ્ય માટે તૈયાર કરશે.

શ્રી પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેવી રીતે ડેમોગ્રાફી, ડિમાન્ડ અને નિર્ણાયક સરકાર ભારતની ક્ષણનાં પરિબળો બની ગઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારતની સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન સંસ્કૃતિએ દેશને જ્ઞાન અને કૌશલ્યનું કેન્દ્ર બનાવ્યું છે. મંત્રીશ્રીએ વિશાળ જનસંખ્યાની નિપુણતા, ઉત્પાદકતા, કૌશલ્ય અને સક્ષમતા વધારવા વિશે પણ વાત કરી હતી. શ્રી પ્રધાને જણાવ્યું હતું કે, કેવી રીતે ભારત ઈન્ડસ્ટ્રી ૪.૦નો ઉપયોગ કરવા માટે દ્રઢપણે તૈયાર છે, જે ઉદ્યોગ અને નવીનતાની દુનિયામાં ફેલાયેલી છે. મંત્રીએ એ બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે, જ્યારે વિશ્વની વસતિ ઝડપથી વૃદ્ધ થઈ રહી છે, ત્યારે ભારતને તેના યુવાનો દ્વારા સશક્ત બનાવવામાં આવે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે નિષ્ણાતોએ સૂચવ્યું છે કે આગળનું ૨૫-૩૦ વર્ષ, દેશ કાર્યકારી વયની વસ્તીની દ્રષ્ટિએ આગળ રહેશે. વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના ધ્યેયને સાકાર કરવા માટે દરેકે, મુખ્યત્વે યુવાનોએ પોતાનું યોગદાન આપવું પડશે તેમ શ્રી પ્રધાને ઉમેર્યું હતું. તેમણે ગુજરાત અને તેના વિકાસલક્ષી, સમાવેશી અને સહભાગી મોડેલના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, 'ગુજરાત મોડલ'ની સૌથી મોટી તાકાત 'મહિલા સંચાલિત વિકાસ' છે. શ્રી પ્રધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણને આગળ વધારવાના રાજ્યના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, એનઈપીને અનુરૂપ સરકાર કેવી રીતે શિક્ષણ અને કૌશલ્ય વચ્ચે વધારે સમન્વય સ્થાપિત કરવા ખંતપૂર્વક કામ કરી રહી છે. આજે, વિશ્વ તરફ જુએ છે ભારત પ્રતિ શ્રી પ્રધાને જણાવ્યું હતું કે, વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે ઓછા ખર્ચ, ગુણવત્તા, ટકાઉ અને સ્કેલેબલ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સર્વસમાવેશક વૃદ્ધિ અને સ્થાયી વિકાસ માટે વ્યાવસાયિક જોડાણ, જ્ઞાન વહેંચણી અને વ્યૂહાત્મક ભાગીદારી માટેના સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચોમાંના એક તરીકે વિકસી છે. ગુજરાતનાં ગાંધીનગરમાં ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ "વાઈબ્રન્ટ ગુજરાતનાં ૨૦ વર્ષને સફળતાનાં શિખર સંમેલન તરીકે ઉજવે છે, જેની થીમ 'ગેટવે ટૂ ધ ફ્યુચર' છે.

આ વર્ષની સમિટ માટે ૩૪ ભાગીદાર દેશો અને ૧૬ ભાગીદાર સંગઠનો છે. ઉપરાંત પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલય વાયબ્રન્ટ ગુજરાત પ્લેટફોર્મનો ઉપયોગ પૂર્વોત્તર ક્ષેત્રોમાં રોકાણની તકો પ્રદર્શિત કરવા માટે કરશે.

## ન્યૂઝ બ્રિફ

### બાંભણિયા ગામે શિકારની શોધમાં બે સિંહોના આંટાફેરા

। ભાવનગર, તા.૧૧ ।

ગીરના ડાલામથ્થા હવે ભાવનગર સુધી પહોંચી રહ્યા છે. ભાવનગર શહેરથી માત્ર ૩૦ કિલોમીટર દૂર સિંહના આટાંફેરાનો વીડિયો સામે આવ્યા છે. બાંભણિયા ગામ નજીક શિકારની શોધમાં બે સિંહો આવી ચડ્યા હતા. ડુંગર વિસ્તારમાં આ બંને સિંહોના આંટાફેરા કરતા જોવા મળ્યા હતા. શિકારની શોધમાં સિંહો રસ્તા પર આવી જતા આસ પાસના સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. સિંહો બાંભણિયા સુધી આવી ચડતા લોકોમાં પોતાના માલઢોરને લઈને ભય ફેલાયો છે. સિંહોના આંટાફેરાનો વીડિયો વાયરલ થતા વનવિભાગને જાણ કરવામાં આવી છે. શિકારની શોધમાં સિંહો હવે રહેણાંક વિસ્તારો સુધી આવી ચડે છે. હજુ થોડા દિવસ પહેલા જ અમરેલીના ખાંભાના ગ્રામ્ય વિસ્તારમાં સિંહોએ પશુનું મારણ કર્યાની ઘટના સામે આવી હતી.

### વલસાડમાં કાકા અને ભત્રીજી પર દીપડાએ કર્યો હુમલો

। વલસાડ, તા.૧૧ ।

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના સરોધી ગામે એક દીપડાએ બાઈક પર જઈ રહેલા કાકા-ભત્રીજી પર હુમલો કર્યો હતો. આથી બંને ઈજાગ્રસ્ત થયા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દીપડાના હુમલાને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને ગામમાં ભયનો માહોલ છવાયો હતો. જાણ થતાં જ વન વિભાગની ટીમને દીપડાને ઝડપવા ગામમાં પાંજરું ગોઠવી અને પ્રયાસ હાથ ધર્યા છે. બનાવની વિગત મુજબ, વલસાડના પારડી તાલુકાના પરિયા ગામમાં રહેતા મનોજભાઈ પટેલ તેમની ભત્રીજી માહીને ટ્યુશનથી લઈને બાઈક પર ઘરે જઈ રહ્યા હતા.



ઉત્તરાયણના તહેવાર માટે વિવિધ પ્રકારના વાજીંત્રો અને મોહરા બજારમાં વેચાણ માટે આવી ગયા છે.

### ખેતીવાડી વિભાગે ખેડૂતોને કર્યા એલર્ટ

# દિવેલાના પાકમાં રોગ આવતા ખેડૂતો ભારે ચિંતાતૂર બન્યા

### ખેતી પાકમાં રોગચાળો આવતા ખેડૂતોની ચિંતા વધી છે

। (એજન્સી) લુણાવાડા, તા.૧૧ ।

મહીસાગર જિલ્લામાં રવિ પાકની સિઝન શરૂ થતાં જ ખેડૂતોએ ખેતરોમાં વાવેતર કર્યું હતું જ્યાં કમોસમી વરસાદ થતાં ખેડૂતોને માવઠાનો માર વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે ત્યાર બાદ ફરીએક વાર ખેતી પાકમાં રોગચાળો આવતા ખેડૂતોની ચિંતા વધી છે. જિલ્લામાં વાવેલ દિવેલામાં ગ્રે મોલ્ડ નામના રોગએ નુકસાન સર્જ્યું છે. ગ્રે મોલ રોગમાં દિવેલાના જીંડવા પર ફૂગ વળી જાય છે અને તે સંપૂર્ણ નાશ પામે છે. હાલ આ રોગને નાશ કરવા માટે જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા ડ્રોન મારફતે દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ જિલ્લા સતત વાદળ છાયા વાતાવરણના કારણે આ રોગ વધી રહ્યો જેના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગામમાં ખેડૂતો દ્વારા ખેતરમાં દિવેલાનું વાવેતર કરવામાં આવ્યું હતું પરંતુ દિવેલાનાં પાકમાં ગ્રે મોલ નામનો રોગ જોવા મળ્યો જેના કારણે મહીસાગર જિલ્લાનાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. મહીસાગર જિલ્લામાં લુણાવાડા વીરપુર અને બાલાસિનોર તાલુકામાં દિવેલાનું વાવેતર કરવામાં આવ્યું છે. ત્યારે દિવેલામાં આવેલ આ નવીન ગ્રે મોલ નામના રોગ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. દિવેલાના જીડવા ઉપર ફૂગ વળી અને આખા જીડવાનો નાશ કરે છે. આ ગંભીર પ્રકારના રોગના કારણે પાકમાં ૭૦% જેટલું નુકસાનની શક્યતાને લઈ અને ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

તો દિવેલામાં હાઈટ હોવાના કારણે દવા છંટકાવ કરવામાં પણ ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે મહીસાગર જિલ્લામાં ખેતીવાડી વિભાગ દ્વારા જે સરકારની ડ્રોન દ્વારા દવા છટકાવવાની યોજના છે. તે અંતર્ગત હાલ તો દવા છંટકાવ કરવામાં આવી રહી છે. મહીસાગર જિલ્લામાં રામ પટેલના મુવાડા ચાંટકાબેલી સહિતના ગામોમાં ડ્રોન દ્વારા આ દવા છંટકાવ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ ગ્રે મોલ્ડ રોગમાં સમયસર દવા છંટકાવ કરી જરૂરી તકેદારી રાખવા માટે પણ ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે. વાદળછાયા વાતાવરણ અને તાપમાન નીચું જવાના કારણે રોગ જલ્દીથી સ્પ્રેડ થઈ રહ્યો છે. આ રોગ હવામાં સ્પ્રેડ થાય છે જેના કારણે ખેડૂતોનો ઉભો પાક નષ્ટ થવાની ભીતી સેવાઈ રહી છે. અગાઉ માવઠાના મારે ખેડૂતોને રોવડાવ્યા તો વાદળછાયા વાતાવરણના કારણે પણ પાક ઉપર અસર પડી અને હવે દિવેલામાં આ નવીન ગ્રે મોલ્ડ રોગ આવતા મહીસાગર જિલ્લાના ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

### ઉંમરા ગામે એક હૃદય હચમચાવી નાંખે તેવી એક ઘટના સામે આવી

## મહુવા તાલુકાના ઉંમરા ગામે એક નવજાત શિશુને કૂતરાએ ફાડી ખાધું

। (એજન્સી) ઉમરા, તા.૧૧ ।

જેને જન્મતા વેંત જ તેની માતાએ ફેંકી દીધું તે બાળકી ભલે બોલી ના શકે પણ તેનો આત્મા કહેતો હશે એ મા મારો શું વાંક....? મને શા માટે કચરામાં ફેંકી દીધી. મહુવા તાલુકાના ઉંમરા ગામે એક હૃદય હચમચાવી નાંખે તેવી એક ઘટના સામે આવી છે. મહુવા તાલુકાના ઉંમરા ગામે એક નવજાત શિશુને કૂતરાએ ફાડી ખાધું છે. જી હા...કોઈ મહિલાએ પોતાનું પાપ છુપાવવા માટે બાળકીને ઝાડી ઝાંખરામાં ત્યજી દીધી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ ઘટનાને પગલે મહુવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, મહુવા તાલુકાના ઉમરા ગામે પટેલ ફળીયા પાસે આજે વહેલી સવારના સમયે કૂતરાનું ઝુંડ કંઈક ચુંથી રહ્યું હોય એવું દૂધ ભરવા માટે જઈ રહેલા એક સ્થાનિકને દેખાયું હતું. ઘટના સ્થળેથી તીવ્ર દુર્ગંધ પણ આવી રહી હતી. સ્થાનિકે તરત ઘટનાની જાણ ગામના સરપંચને કરતા સરપંચ સ્થાનિકો સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘટના સ્થળે તપાસ કરતા કૂતરાનું ઝુંડ એક નવજાત બાળકીને ચુથી રહ્યું હતું. કૂતરાના ઝુંડ બાળકીના હાથ પગ ફાડી ખાધા હતા. જોકે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા મહુવા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને નવજાત શિશુ નો કબજો લઈ નવજાત બાળકીને પીએમ અર્થે ખસેડી હતી. પ્રાથમિક તપાસમાં કોઈક મહિલાએ પોતાનું પાપ છુપાવવા માટે નવજાતને ફેંકી દીધી હોવાનું અનુમાન કર્યું હતું.

### ફ્લાવર શો લંબાવવાનો નિર્ણય

# ૩૧ ડિસેમ્બરથી શરૂ થયેલો ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે

### આખરે નાગરિકોના ઘસારાને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે

। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ ફ્લાવર શોની તારીખ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ફ્લાવર શોનું સમાપન ૧૫ જાન્યુઆરીએ નહિ પરંતુ ૨૦ જાન્યુઆરીએ થશે. એટલે કે હવે અમદાવાદ રિવરફ્રન્ટામાં આયોજીત આ ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે.૩૧ ડિસેમ્બરથી શરૂ થયેલો ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે. આખરે નાગરિકોના ઘસારાને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ શહેરના રિવરફ્રન્ટ પર AMCએ ગત તા.૩૧મી ડિસેમ્બરથી ફ્લાવર શોનું આયોજન કર્યું છે. આ ફ્લાવર શોને સારો પ્રતિસાદ મળતાં તેને લંબાવવાો નિર્ણય કરવામા આવ્યો છે. અહી રોજ મોટી સંખ્યામાં શહેરીજનો ફ્લાવર શોની મુલાકાત લઈ રહ્યાં હોવાથી છેલ્લા એક સપ્તાહમાં ૩.૧૧ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જેનથી એમએમસીને ૧.૮૦ લાખની આવક થઈ છે. સૌથી વધારે રવિવારે ૩૧ ડિસેમ્બરના રોજ ૧ લાખ જેટલા લોકોએ મુલાકાત લીધી હતી. ફ્લાવર શોમાં વધતી જતી ભીડને લઈને એએમસીએ રાત્રે ૧૧



વાગ્યા સુધી ફ્લાવર શો ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. જેના કારણે રોજના ૪૦ હજારથી વધુ લોકો ફ્લાવર શો નિહાળવા માટે આવી આવી રહ્યા છે. રિવર ફ્રન્ટ પર યોજાયેલા ફ્લાવર શોમાં આવતાં લોકો માટે સામાન્ય દિવસોમાં સોમવારથી શુક્રવાર દરમિયાન પ્રવેશ ફી ૫૦ રૂપિયા લેવામાં આવરે છે. જ્યારે શનિવાર અને રવિવારના દિવસે ફ્લાવર શોમાં રૂ. ૭૫ ફી પેટે વસૂલવામાં આવમે છે. આ ફ્લાવર શોમાં ૧૨ વર્ષથી નાના બાળકોને મફતમાં પ્રવેશ આપવામાં આવે છે. ફ્લાવર શોમાં ૧૫ લાખથી વધારે ફૂલ-છોડના રોપા છે. ૭ લાખ કરતાં વધુ રોપાથી ૪૦૦ મીટર લાંબુ ફ્લાવર સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે. જે આકર્ષણનું કેન્દ્ર છે.

### સ્વચ્છતા સર્વેક્ષણ પુરસ્કાર વિતરણ સમારોહ

# સુરતને દેશના સૌથી સ્વચ્છ શહેરનો પુરસ્કાર મળ્યો

### પહેલી વખત ઈન્દોરની સાથે-સાથે સુરત મનપા પણ સંયુક્ત રીતે સમગ્ર દેશમાં પ્રથમ નંબર મેળવવામાં સફળ રહ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

નવી દિલ્હીમાં આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ઉપસ્થિતિમાં સ્વચ્છતા સર્વેક્ષણ પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલી વખત ઈન્દોરની સાથે-સાથે સુરત મહાનગર પાલિકા પણ સંયુક્ત રીતે સમગ્ર દેશમાં પ્રથમ નંબર મેળવવામાં સફળ રહ્યું છે. અલગ-અલગ કેટેગરીમાં સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવેલ ભગીરથ અને પરિણામલક્ષી કામગીરીને પગલે જ આ વખત સુરત મહાનગરપાલિકા દેશભરના સૌથી સ્વચ્છ શહેરોમાં અવ્વલ નંબર મેળવવામાં સફળ રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા આજરોજ નવી દિલ્હી ખાતે ભારત મંડપમ ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની હાજરીમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાગ લેનારા તમામ શહેરોના રેક જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પહેલી વખત સુરત મહાનગરપાલિકાને પણ પ્રથમ નંબર મળતાં સુરતીઓમાં પણ હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી. આ પ્રસંગે સુરતના મેયર દક્ષેશ માવાણી અને મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે રાષ્ટ્રપિત દ્રૌપદી મુર્મુના હસ્તે એવોર્ડ સહિત સર્ટિફિકેટ્સ સ્વીકાર્યા હતા. સુરત શહેરનો પહેલો નંબર જાહેર થતાં જ સુરત મહાનગર પાલિકાના વહીવટી તંત્ર સહિત શહેરીજનોમાં પણ ઉત્સાહનો આનંદ છવાઈ ગયો હતો. આ પ્રસંગે મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના સઘન પ્રયાસો અને સુરતીઓના સહયોગને કારણે સુરત આ વર્ષે પ્રથમ નંબર મેળવવામાં સફળ રહ્યું છે. તેઓએ આ પ્રસંગે મહાનગર પાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓથી માંડીને અધિકારીઓના પણ ભગીરથ પ્રયાસોની ભરપેટ પ્રશંસા કરી હતી.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે, House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

### ચાલુ બસમાં શ્રમિક મહિલા પર ડ્રાઇવર-કંડક્ટરે કુકર્મ આચર્યું

। દાહોદ, તા.૧૧ ।

શ્રમિક મહિલા સૈંથી મોરબી ખાતે જઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. મહિલાએ મહિલા હેલ્પ લાઈન ૧૮૧ને જાણ કરતા સમગ્ર મામલો સામે આવ્યો છે. જે બાદ દાહોદ એ-ડિવિઝન પોલીસ મથકે ડ્રાઈવર-કંડક્ટર સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ નોંધાતા પોલીસે નરાધમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. દાહોદમાં એક ચકચાર મચાવનારી ઘટના સામે આવી છે. ગરબાડા પાસે ટ્રાવેલ્સ બસમાં એક મહિલા સાથે દુષ્કર્મનો બનાવ બન્યો છે. ટ્રાવેલ્સ એજન્સીની ખાનગી બસમાં મહિલા સાથે ડ્રાઈવર અને કંડક્ટરે ચાલુ બસે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨